પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૮૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૨-૧૨-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આધસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

મતદાન બૂથ ખૂલતા જ મતદારોની લાઈનો લાગી, પ્રથમ તબક્કામાં સરેરાશ ૫૮ ટકા મતદાન

અમદાવાદ,

ગુજરાતમાં આજે પહેલા તબક્કાની ૮૯ બેઠકો માટે મતદાન યોજાયું હતું જેમાં મતદારોએ ભારે ઉત્સાહથી મતદાન કર્યું મતદાનમાં પ્રથમવાર મતદાન કરી રહેલા મતદારોમાં અતિ ઉત્સાહ જોવા મળ્યો હતો મતદારો મતદાન મથક ખૂલે તે પહેલા જ ગામડાઓમાં મતદારો પહોંચી ગયા હતા. કેટલાક મતદાન મથકો પર ઈવીએમ મશીન બગડયા હોવાના અહેવાલો મળ્યા હતો જો કે ઈવીએમ મશીન બદલી મતદાન ફરી શરૂ કરવામાં આવ્યું હતું આજે કચ્છ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની ૮૯ બેઠકો પર મતદાન સરેરાશ ૫૮ ટકા જેટલું મતદાન થયું છે પ્રથમ તબકકામાં ૭૮૮ (૭૧૮ પુરૂષ ઉમેદવાર, ૭૦ મહિલા ઉમેદવાર) ઉમેદવારોના ભાવી મતદારોએ ઈવીએમમાં સીલ કર્યા હતાં. જિલ્લા પ્રમાણે સૌથી વધુ તાપીમાં મતદાન નોંધાયું. તાપી જિલ્લામાં ૬૪.૩ ટકા, નર્મદા જિલ્લામાં ૬૩.૯ ટકા મતદાન, ડાંગ જિલ્લામાં ૫૮.૫ ટકા, વલસાડ જિલ્લામાં ૫૩.૫ ટકા મતદાન, નવસારી જિલ્લામાં ૫૫.૧ ટકા, મોરબીમાં ૫૩.૭ ટકા મતદાન નોંધાયુ છે. બેઠક પ્રમાણે સૌથી વધુ નિઝરમાં ૬૬.૪ ટકા મતદાન, ડેડિયાપાડામાં ૬૬.૩ ટકા, કપરાડામાં ૬૪.૪ ટકા મતદાન, નાંદોદમાં ૬૧.૬ ટકા, વ્યારામાં ૬૧.૫ ટકા મતદાન, મહુવા ૫૯.૮, ડાંગમાં ૫૮.૫, વાંસદામાં ૬૦.૪ ટકા મતદાન નોંધાયુ છે.

રાજકારણના મહારથીઓ પણ સવારે વોટ કરવા નીકળી પડ્યા હતાં ભાજપાના સ્ટાર ઉમેદવાર રીવાબા જાડેજાએ વહેલી સવારે મતદાન કર્યું. જામનગર ઉત્તર બેઠકના ભાજપ ઉમેદવાર રીવાબે જાડેજાએ રાજકોટમાં મતદાન કર્યુ છે.જોકે, રીવાબા જાડેજાએ રાજકોટમાં પોતાનો મત આપ્યો, જેની પણ કાનાફૂસી થઈ હતી. રીવાબા જાડેજા જામનગર ઉત્તર બેઠકના ભાજપના ઉમેદવાર છે. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજકોટમાં મતદાન કરવા પહોંચ્યા હતા. ભાજપની સાતમી વખત ગુજરાતમાં સરકાર બનવાનો વિજય રૂપાણીએ વિશ્વસ વ્યકત કર્યો હતો. તેઓએ રાજકોટની અનિલ જ્ઞાન મંદિર સ્કૂલ ખાતે પત્ની અંજલિ રૂપાણી સાથે મતદાન કર્યુ હતું. જામનગરમાં ભાજપના ઉમેદવાર દિવ્યેશ અકબરી માતાજીના દર્શન કરી મતદાન કરવા માટે નીકળ્યા હતા. ઝઘડિયાના ધારાસભ્ય અને વિધાનસભાના અપક્ષ ઉમેદવાર છોટુ વસાવાએ મતદાન કર્યું હતું. છોટુ વસાવાના વતન ધારોલીના મતદાન મથક ખાતે મતદાન મથકમાં તેઓએ મતદાન કર્યું. તો ઝઘડિયા વિધાનસભાના ભાજપાના ઉમેદવાર રીતેશ વસાવાએ પણ વતન વલી ગામના મતદાન મથક ખાતે મતદાન કર્યું.

ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતા પરેશ ધાનાણી હંમેશાથી કંઈક અવનવુ કરતા રહે છે. જેને કારણે તેઓ લોકોના દિલ જીતી લે છે અને સતત લોકોમાં ચર્ચાના કેન્દ્રમાં રહે છે. ત્યારે કોંગ્રેસના નેતા પરેશ ધાનાણીની મતદાન બૂથ પર અનોખી એન્ટ્રીથી તેઓ વાયરલ થયા હતા.ધાનાણી સાયકલ પાછળ ગેસ સિલિન્ડર બાંધી વોટિંગ કરવા પહોંચ્યા હતા, જેનાથી રસ્તા પર સૌનુ ધ્યાન ખેંચાયુ હતું. સાથે જ તેમણે ગેસના બોટલ પર લખાણ લખ્યુ હતું કે, ૨૦૧૪ માં ગેસના બોટલના ભાવ ૪૩૦ રૂપિયા હતા અને હવે ૧૧૨૦ રૂપિયા છે. ગેસના સિલિન્ડર સાથે તેઓએ મોંઘવારીનો વિરોધ દર્શાવ્યો હતો.

પરેશ ધાનાણીની જેમ આમ આદમી પાર્ટીના ઉમેદવારે પણ ગેસના સિલિન્ડર સાથે મતદાન મથકે જોવા મળ્યા હતા. તેઓ સાઈકલ પર ગેસનો બોટલ લઈને નીકળ્યા હતા. જેમાં તેઓએ મોંઘવારીનો વિરોધ દર્શાવ્યો હતો. રાજકોટ પશ્ચિમ બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર દિનેશ જોશી મતદાન કરવા પહોંચ્યા હતા. તેઓ સાયકલ પર ગેસ સિલિન્ડર અને તેલનો ડબ્બો બાંધી મતદાન કરવા પહોંચ્યા હતા. આ કારણે આપના ઉમેદવાર ચર્ચામાં આવ્યા છે. આપના પ્રદેશ અધ્યક્ષ ગોપાલ ઈટાલિયાએ પોતાના માદરે વતન ટીંબી ગામે મતદાન કરવા પહોંચ્યા હતા. ગઢડા વિધાનસભાના ઉમરાળા તાલુકાનું ટીંબી ગામ તેમનુ મૂળ વતન છે. ત્યારે ગોપાલ ઈટાલિયાએ શિવજીની પૂજા કરી હતી.મતદાન કર્યું હતું અને મતદારોને મતદાન કરવા અપીલ કરી હતી.

નવસારીના ભાજપના ઉમેદવાર પિયુષ ભાઈ પટેલે આક્ષેપ કર્યો છે કે, ઝરી ગામમાં વહેલી સવારે તેમના પર હુમલો થયો હતો. તેમના ૪-૫ વાહનોને પણ નુકસાન થયું છે. આ અંગે નવસારી એસપીએ જણાવ્યું હતું કે આ મામલે તપાસ ચાલી રહી છે. ભાવનગર શહેર અને જિલ્લામાં અનેક ઈવીએમ ખોટકાયા હતાં અહીં ૪ જેટલા બેલેટ યુનિટ બદલવા પડ્યા છે. ૧૬ જેટલા કંટ્રોલ યુનિટ અને ભાવનગરમાં ૨૮ વીવીપેટ મશીનો બદલવા પડ્યા છે. વરાછા વિસ્તારનો એક વીડિયો સામે આવી રહ્યો છે. ગુજરાત આમ આદમી પાર્ટીની વેબસાઈટ પર એક વીડિયોન ટેગ કરવામાં આવ્યો છે, જેમાં બોગસ મતથાન થતું હોવાનું લખાયું છે. ખેરગામ તાલુકાના નાંધઈ ગામે પ્રિસાઈડીંગ ઓફિસ અને કોંગ્રેસ પોલીંગ એજન્ટ વચ્ચે માથાકુટ થઈ. કોંગ્રેસના પોલીંગ એજન્ટને ધક્કા મારીને બહાર કઢાયા. પોલીસની હાજરીમાં જ માથાકુટ થઈ સોમનાથ બેઠક પર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો સામ-સામે આવી જતાં વિવાદ ઉભો થયો. ભાજપના ઉમેદવાર માનસિંહ પરમારે હાથ મેળવવા આગળ થતાં કોંગ્રેસના ઉમેદવાર વિમલ ચુડાસમા ચહેરા પર સ્મિત આપી દૂર ભાગ્યા હતા, જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. ધોરાજીમાં મતદારો દ્વારા અનોખો વિરોધ કરાયો. જમાલીપાના મતદારો ખાલી તેલની બરણી અને ગેસના બાટલા સાથે મતદાન મથકે પહોંચ્યા હતા.પ્રથમ તબક્કા માટે ૨૫ હજાર ૪૩૦ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા હતાં અને કુલ ૩૪,૩૨૪ ઈવીએમ અને ૩૮,૭૪૯ વીવીપીએટી મશીનોમાં મતદાન થઈ રહ્યુ છે. ચૂંટણી પંચની દેખરેખમાં તમામ બેઠકો પર શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે માટેની તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. મતદાન માટે કુલ ૧ લાખ ૬ હજાર ૯૬૩ કર્મીઓ તહેનાત કરવામાં આવ્યા હતાં જયારે મતદાન બુથ પર વેબ કાસ્ટીંગ માટે વિશેષ સ્ટાફ પણ ખડેપગે ઉભો રહ્યો હતો.જામજોધપુર ધ્રાફા ગામે ગ્રામજનો દ્વારા ચૂંટણી બહિષ્કાર કરાયો. મહિલાઓ માટે અલગ મતદાન બૂથ ન રખાતા ચૂંટણી બહિષ્કાર કર્યો. રાજાશાહી વખતથી મહિલાઓ માટે અલગ મતદાન મથક ફાળવાતું હતું, આ વખતે મહિલાઓ માટે અલગ મતદાન મથક ન ફાળવાતા ચૂંટણી બહિષ્કાર કર્યો. ડાંગના આહવામાં બેનરોએ ઉમેદવારોને દોડતા કરી દીધા. રસ્તા અને પુલ મુદ્દે મોટીદબાસ ગામના લોકોએ ચૂંટણીનો બહિષ્કાર.

પ્રથમ તબક્કાના મતદાનની સાથે... સાથે..

ગુજરાતમાં આજે પહેલા તબક્કાની ૮૯ બેઠકો માટે મતદાન યોજાયું હતું જેમાં મતદારોએ ભારે ઉત્સાહથી મતદાન કર્યું.

: ગોંડલ અક્ષર મંદિરના ૩૬ સંતોએ બીએપીએસ સ્વામિનારાયણ વિદ્યામંદિર ખાતે મતદાન :

વિધાનસભાના પ્રથમ તબક્કામાં મતદાન સવારે આઠ વાગ્યાથી મતદાન શરૂ થયું હતું ત્યાર વિશ્વ વિખ્યાત ગોંડલ અક્ષર મંદિરના ૩૬ સંતોએ બીએપીએસ સ્વામિનારાયણ વિદ્યામંદિર ખાતે મતદાન કરી મતદાનની ફરજ અદા કરી હતી અને સર્વે મતદારોને મતદાન કરવાની અપીલ કરી હતી.ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મતદાન માટે રહેણાંક સોસાયટીના લોકો સાથે ધાર્મિક સંપ્રદાયના સંતોએ પણ સમૂહ મતદાન કર્યું હતું.

: સુરતમાં દીકરીના લગ્નની વિધિ કર્યા બાદ પરિવારે મતદાન કર્યું :

સુરતમાં લગ્નમાં પ્રસંગ હોવા છતાં પણ વિશ્વકર્મા પરિવારે મતદાન કર્યું હતું. દીકરાના લગ્ન હતાં રિયા વિશ્વકર્માના લગ્ન હતાં આજે લગ્નની વિધિ કરી હતી અને ત્યારબાદ રિયાએ પરિવારની સાથે મતદાન કર્યું હતું. દીકરીના પિતાએ વિજેન્દ્ર વિશ્વકર્માએ કહ્યું હતું કે લગ્નની વિધિ બાદ અમારા પરિવારના ૧૩ સભ્યોએ મતદાન કર્યું છે

: ધોરાજીમાં નકલી પ્રિસાઈન્ડિંગ ઓફિસર ઝડપાતા ચૂંટણી પંચમાં ફરિયાદ :

ગુજરાતમાં પ્રથમ તબક્કાના મતદાનમાં તાપીના નિઝર, વલસાડ રેલ્વે યાર્ડ તથા ગોંડલમાં ઈવીએમ ખોટાવાયું હોવાના અહેવાલ સામે આવ્યા હતાં તાપી જિલ્લાની નિઝર વિધાનસભા બેઠકના ઉચ્છલના જામકી ગામે ઈવીએમ ખોટવાયું હતું. તેના કારણે વહેલી સવારથી મતદાન માટે આવેલા મતદારો પરેશાન થયા હતા. ત્યાર બાદ ખોટકાયેલા ઈવીએમને બદલીને નવું ઈવીએમ રિપ્લેસ કરવામાં આવ્યું હતું તો વલસાડમાં રેલ્વે યાર્ડમાં આવેલા ૨૦૫ નંબરના બૂથમાં ઈવીએમ ખોટવાયું હતું. ત્યારે તે ઈવીએમ બદલવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તો રાજકોટ નજીકના ગોંડલમાં પણ ઈવીએમ ખોટકાયું હોવાના અહેવાલ સામે આવ્યા હતા.

: ધોરાજીમાં મતદાન દરમિયાન પત્નીની જગ્યાએ પતિ પ્રિસાઈન્ડિંગ ઓફિસર તરીકે ફરજ બજાવતો હોવાની ઘટના સામે આવી :

ધોરાજીમાં મતદાન દરમિયાન પત્નીની જગ્યાએ પતિ પ્રિસાઈન્ડિંગ ઓફિસર તરીકે ફરજ બજાવતો હોવાની ઘટના સામે આવી હતી. આ ઘટનાને પગલે અપક્ષ ઉમેદવાર સહિદ પરમારે ચૂંટણી પંચને ફરિયાદ કરી હતી. ધોરાજીની કે.ઓ. શાહ કોલેજના મતદાન બૂથમાંથી બોગ્સ પ્રિસાઈન્ડિંગ ઓફિસર ઝડપાયો હતો. આ બોગસ પ્રિસાઈડિંગ ઓફિસર ઝડપાઈ જતા તાત્કાલિક ધોરણે તેના પત્નીને બૂથ પર બોલાવી લેવામાં આવ્યા હતા.મહેશ બાબુ સામે ફરિયાદ બાદ તેમની બદલી કરી ગેવામાં આવી હતી.

: ડાંગમાં મતદારોએ મતદાનનો બહિષ્કાર કર્યો :

ડાંગ નાની દબાસ ગામ ખાતે ગ્રામજનોએ મતદાનનો બહિષ્કાર કર્યો હતો મતદારોની માંગ હતી માર્ગ અને પુલ બનાવવામાં નહીં આવે તો મતદાનનો બહિષ્કાર કરવામાં આવશે આથી આજે મતદાનનો બહિષ્કાર કર્યો હતો અને એક પણ મતદારે મતદાન કર્યું ન હતું.

નર્મદા જિલ્લામાં આવેલા ડેડીયાપાળા વિસ્તારના સમોટ ગામના લોકોએ પાયાની સુવિધાઓને લઈને ચૂંટણનો બહિષ્કાર કર્યો છે. આ કેન્દ્ર પર હજુ સુધી એક પણ મત પડ્યો નથી. આ કેન્દ્ર પર મતદાન થવા છતાં કોઈ પણ સત્તાવાળા કે ઉમેદવારો આ ગામના લોકોને સમજાવવા આવ્યા થી. આ ગામમાં કુલ ૧૦૦૦ જેટલા મતદારો છે.માંડવી બેઠકમાં સમાવિષ્ટ સોનગઢ તાલુકાની ઉકાઈ જૂથના સિંગ્લખાંચ અને પથરડા ગામમાં ચૂંટણી બહિષ્કારને પગલે અત્યાર સુધી એક પણ મતદારે મતદાન કર્યુ નથી.

ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના કેસર અને મહુજા ગામમાં મતદાનનો બહિષ્કાર કર્યો છે. સવારથી અત્યાર સુધી એક પણ મતદાર મતદાન મથક પર આવ્યા નથી. વિગતો મુજબ પ્રાથમિક સુવિધાના અભાવે ગ્રામજનો દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. રીબડામાં અનિરુદ્ધસિંહની પોલીસ સાથે બોલાચાલી થઈ હતી. અનિરુદ્ધસિંહ જાડેજાએ આક્ષેપ સાથે જણાવ્યું હતું કે પ્રિસાઈડિંગ ઓફિસર જયરાજસિંહના એજન્ટ તરીકે કામ કરે છે. રીબડામાં ૮૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધોને ઘરેથી મતદાન કરવાની વ્યવસ્થા નથી. ગોંડલમાં જયરાજસિંહ મતદાન મથકમાં ઈન્ટરવ્યૂ આપે છે. રીબડામાં મીડિયાને દૂર રાખવામાં આવે છે.

સરકારી કાર્યક્રમોમાં માંસાહારી ભોજન પર પ્રતિબંધ મુકાશે, સંસદમાં બિલ લાવશે

નવીદિલ્હી,

સંસદનું શિયાળુ સત્ર આગામી અઠવાડીયાથી શરુ થવા જઈ રહ્યું છે અને ગત વખતની માફક આ વખતે પણ સંસદ જોરદાર રહેવાના અણસાર છે. સાથે જ કેટલાય મહત્વના બિલ પણ સંસદમાં રજૂ થાય તેવી શક્યતા છે. તમામ સરકારી કાર્યક્રમોમાં માંસાહારી ભોજન પર રોક લગાવાનું બિલ અને પ્રાઈવેટ સેક્ટરમાં લાંચને રોકવાની માગ કરનારું પ્રાઈવેટ મેમ્બર બિલ યાદીમાં સામેલ છે. જેના પર સંસદના આગામી સત્રમાં ચર્ચા થવાની છે.

લોકસભાની નોટિફિકેશન અનુસાર, આ સત્રમા સભ્યોના કુલ ૨૦ બિલ ચર્ચા માટે લિસ્ટ કર્યા છે. જ્યારે મોટા ભાગના પ્રાઈવેટ મેમ્બર બિલ મામૂલી ચર્ચા બાદ રદ થઈ જાય છે. આઝાદી બાદ અત્યાર સુધીમાં ફક્ત ૧૪ બિલ જ આવી રીતે પાસ થયા છે. છેલ્લે ૧૯૭૦માં કોઈ પ્રાઈવેટ બિલને મંજૂરી આપી હતી.

સુત્રોના જણાવ્યા અનુસાર, પશ્ચિમી દિલ્હીથી ભાજપના સાંસદ પરવેશ સાહિબ સિંહે ઓફિશિયલ ગવર્નમેન્ટ મીટિંગ્સ એન્ડ ફંક્શન બિલને સૂચિબદ્ધ કર્યું છે. પરવેશના જણાવ્યા અનુસાર, જર્મનીના પર્યાવરણ મંત્રાલયે સરકારી બેઠકો અને કાર્યક્રમોમાં માંસાહારી ભોજન પર બેન લગાવવા માટે પ્રસ્તાવ રજૂ કર્યો છે, કેમ કે તેની જળવાયું અને ગ્લોબલ વોર્મિંગ પર બહું મોટી અસર થાય છે. ભારતમાં આપણે નોનવેજ ખાવાથી દૂર જવાની શરુઆત કરી શકીએ છીએ. સાથે જ ભાજપે સાંસદે એવું પણ કહ્યુ છે કે, આ બિલ સામાન્ય લોકોને નોન વેજ ખાવા પર પ્રતિબંધની માગ નથી કરતું. પણ કમસે કમ સરકાર તરફથી, આપણા સ્થાયી ખાદ્ય સિસ્ટમ અને જળવાયું અનુકૂળ જીવન શૈલીની દિશામાં એક ડગલું આગળ વધી શકીએ છીએ.

સરકાર ખેડૂતોની આવક વધારવાના પ્રયાસો કરી રહી છે : કૃષિ મંત્રી

નવીદિલ્હી,

ખેડૂતોને આર્થિક રીતે મજબૂત બનાવવા કેન્દ્ર અને રાજ્ય સરકારો વિવિધ યોજનાઓ ચલાવી રહી છે. આ યોજનાઓનો સીધો લાભ ખેડૂતોને મળી રહ્યો છે. આમાંની સૌથી મહત્વકાંક્ષી યોજના પીએમ કિસાન સન્માન નિધિ યોજના (પીએમ કિસાન સન્માન નિધિ) છે. આ અંતર્ગત પાત્રતા ધરાવતા ખેડૂતોને વાર્ષિક ૬૦૦૦ રૂપિયા આપવાની જોગવાઈ છે. નાના ખેડૂતોના જીવનને સુધારવા પર ભાર મૂકતા કેન્દ્રીય કૃષિ પ્રધાન નરેન્દ્ર સિંહ તોમરે કહ્યું કે સરકાર ખેડૂતોની આવક વધારવાના પ્રયાસો કરી રહી છે. એફઆઈસીસીઆઈ સસ્ટેનેબલ એગ્રીકલ્ચર કોન્ફરન્સ અને એવોર્ડ કાર્યક્રમને સંબોધતા તોમરે કહ્યું કે ભારત એક કૃષિપ્રધાન દેશ છે. ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કૃષિ ક્ષેત્રને મજબૂત કરવાની સરકાર અને લોકોની ફરજ છે. મંત્રીએ કહ્યું કે સરકારે છેલ્લાં આઠ વર્ષમાં કૃષિ ક્ષેત્ર પર સર્વગ્રાહી અભિગમ અપનાવ્યો છે અને કૃષિ પાકોની ઉત્પાદકતા અને ઉત્પાદનને વધારવા માટે અનેક પગલાં લીધાં છે. આ દરમિયાન તેમણે કહ્યું કે સરકાર ખેતીની કિંમત ઘટાડવા અને ખેડૂતોની આવક વધારવાના પ્રયાસો કરી રહી છે. તોમરે કહ્યું કે કુલ ખેડૂતોમાંથી ૮૬ ટકા નાના અને સીમાંત ખેડૂતો છે. "તેમની સ્થિતિમાં સુધારો કરવાની જરૂર છે," તેમણે કહ્યું. મંત્રીએ કહ્યું કે નાના ખેડૂતોની આવક વધારવા માટે સરકાર ૧૦,૦૦૦ ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કરી રહી છે અને ૧ લાખ કરોડ રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડની પણ જાહેરાત કરી છે. આ ઉપરાંત પશુપાલન ક્ષેત્ર માટે વિશાળ કેન્દ્રીય ખર્ચવાળી નવી યોજનાઓ શરૂ કરવામાં આવી છે. મંત્રીએ કહ્યું કે સરકાર કૃષિ ક્ષેત્રમાં નવી તકનીકો દાખલ કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. મંત્રાલયે પહેલાથી જ કૃષિ ક્ષેત્રમાં ડ્રોન ટેક્નોલોજીના ઉપયોગ માટે પ્રમાણભૂત ઓપરેટિંગ પ્રક્રિયા જારી કરી દીધી છે.

અમદાવાદમાં અરવિંદ કેજરીવાલ અને ભગવંત માનના રોડ શોમાં જનમેદની ઉમટી

અમદાવાદ,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રોડ શો પહેલા અમદાવાદમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી તેમજ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનનો રોડ શો શરુ થયો હતો બાપુનગર વિધાનસભામાં સરસપુર આંબેડકર હોલથી રોડ શો ઢોલ-નગારા સાથે ભવ્ય રોડ શો યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતાં અરવિંદ કેજરીવાલે રોડ શો પહેલા લોકોને કેમ છો કહીને સંબોધ્યા હતા.

આપના સંયોજક અરવિંદ કેજરીવાલે રોડ શો દરમિયાન કહ્યુ કે મને એક વ્યક્તિ મળી, તેણે કહ્યુ કે આમ આદમી પાર્ટીને વોટ આપીશ. ભાજપને વોટ આપવાથી કોઈ ફાયદો નથી. વીજળી ફ્રી મળશે. દરેક મહિલાને મહિને ૧૦૦ રુપિયા મળશે. ભાજપને વોટ આપવાથી ગુંડાગિરી વધશે. કેજરીવાલે કહ્યુ કે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન વીજળીના બિલો લઈને આવ્યા છે. ૦ વિજળીના બિલના પુરાવા લઈને આવ્યા છે. અરવિંદ કેજરીવાલ અને ભગવંત માને ૦ વિજળીના બિલના પુરાવા લોકો વચ્ચે ફેંક્યા હતા. રોડ શોમાં હરભજન સિંહ અને રાઘવ ચઢ્ઢા પણ જોડાયા.

રાઘવ ચઢ્ઢાએ કહ્યુ કે ગુજરાતમાં કેજરીવાલ આવે છે, પરિવર્તન લાવે છે ના નારા છે. ગુજરાતમાં મફત વિજળી, શિક્ષણ, સારી આરોગ્ય વ્યવસ્થા મળશે. મહિલાઓને ૧૦૦૦ રુપિયાની આર્થિક મદદ મળશે. યુવાનોને રોજગાર આપીશુ. રોજગાર નહિ મળે ત્યાં સુધી બેરોજગાર ભથ્થુ મળશે. ૨૭ વર્ષ સુધી શાસન કરનાર ભ્રષ્ટ સરકારને ઉખાડીને ફેંકી દો. ભગવંત માને રોડ શોમાં કહ્યુ કે અમે તમારા અકાઉન્ટમાં ૧૫ લાખ નાખીશુ એવુ નથી કહેતા. પરંતુ તમારા મહિને ૩૦,૦૦૦ પહેલા જ મહિનાથી બચાવીશુ. અરવિંદ કેજરીવવાલ ફ્રીની રેવડી આપે છે તો ૧૫ લાખનુ શું હતુ? ૨૭ વર્ષ જૂની મોંઘવારી, બેરોજગારી અને પેપર ફૂટે છે એવી ચક્કીને બદલવા લોકો તૈયાર છે. આમ આદમી પાર્ટી સર્વેમાં નહિ પરંતુ સરકારમાં આવે છે. અમે ભ્રષ્ટાચારનુ લીકેજ બંધ કરીને પૈસા વાપરીશુ. પંજાબમાં ૯૦૦૦ એકર જમીન નેતાઓ અને તેમના માણસોએ પચાવી પાડી હતી જે અમે છોડાવી દીધી છે. પંજાબમાં મોહલ્લા ક્લિનિક અમે બનાવ્યા છે. અમે ગેરંટી આપી હતી કે જૂની પેન્શન યોજના લાગુ કરીશુ જેનુ જાહેરનામુ પણ કરી દીધુ છે. ધારાસભ્યોનાં પેન્શનો પણ બંધ કર્યા, જેનાથી કરોડો રૂપિયા બચ્યા, જેનો અમે ઉપયોગ કરીએ છીએ. હવે કહો ક્યાંથી રેવડી થઈ? ટેક્સના પૈસે કોલેજ, મોહલ્લા ક્લિનિક વગેરે બનાવીએ છીએ. અમે પંજાબને મેડિકલ હબ બનાવીશુ. હું ગુજરાત પહેલીવાર આવ્યો હતો કે કંઈક જોવા મળશે, ગુજરાત મોડલ જોવા મળશે પરંતુ રોડમાં ખાડા નહિ પરંતુ ખાડામાં રોડ છે. હું અલગ અલગ જિલ્લાઓમાં લોકોને મળ્યો છું. ત્યાંના લોકોને મળ્યો અને પૂછ્યું કોણ ધારાસભ્ય છે, તો કહે ભાજપના છે, પરંતુ જોવા આવ્યા નથી અને વોટ માગવા આવ્યા નથી એટલે તેઓ લોકો જોડે જોડાયેલા જ નથી.

કેન્દ્રએ પંજાબ સરકારની ઉમ્મીદ પર પાણી ફેરવ્યું, ગ્રામીણ વિકાસ ફંડ આપવાનો ઈનકાર કર્યો

નવીદિલ્હી,

પંજાબની માન સરકારને મોટો ઝાટકો આપતાં કેન્દ્ર સરકારે રાજ્યને ગ્રામીણ વિકાસ ફંડ આપવાનો ઈનકાર કરી દીધો છે. કેન્દ્ર દ્વારા રાજ્યને ૨૮૮૦ કરોડ રૂપિયાના ગ્રામીણ વિકાસ ફંડ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેવી રાજ્ય સરકારને ઉમ્મીદ હતી પરંતુ કેન્દ્ર સરકારે પંજાબ સરકારની આ ઉમ્મીદો પર પાણી ફેરવી દીધું છે. જાણકારી મુજબ કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે મુખ્યમંત્રી ભગવંત માનને પત્ર લખી આ વિશે જાણકારી આપી છે. જણાવી દઈએ કે પંજાબના મુખ્યમંત્રીએ ૨૩ જુલાઈ અને ૧૯ ઓક્ટોબરના રોજ કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલને એક પત્ર લખ્યો હતો. જેમાં રાજ્યના ગ્રામીણ વિકાસ ફંડ જાહેર કરવાની અપીલ કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રીએ પોતાના પત્રમાં લખ્યું કે વિભાગીય નિયમો મુજબ આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. કેન્દ્રીય મંત્રી દ્વારા પંજાબને સ્ટેચુરી ચાર્જિસ ઘટાડવાની પણ સલાહ આપવામાં આવી છે. આ મામલે નાણામંત્રી હરપાલ સિંહ ચીમાએ કહ્યું કે કેન્દ્રના ભેદભાવ વિરુદ્ધ અમે ચુપ નહી બેસીએ. તેમણે કહ્યું કે કેન્દ્રની શરત અંતર્ગત રાજ્ય સરકારે ગ્રામીણ વિકાસ એક્ટમાં સંશોધન પણ કરી દીધું હતું અને હવે આનાકાની કરવાનો મતલબ છે કે કેન્દ્ર સરકાર કૃષિના માળખાને તબાહ કરવા માંગે છે.

ચૂંટણી પૂરી થયા બાદ આગામી દિવસોમાં સીમેન્ટના ભાવમાં વધારો સંભવ

નવીદિલ્હી,

દેશમાં આવનારા દિવસોમાં સીમેન્ટ વધુ મોંઘો થઈ શકે છે કેર રેટીંગના રિપોર્ટ અનુસાર દેશમાં સીમેન્ટની વધતી માંગ અને ખર્ચમાં વધારાને કારણે સીમેન્ટના ભાવ ચાર ટકા સુધી વધી શકે છે. રિપોર્ટ અનુસાર સરકારના દેશમાં પાયાના માળખાને મજબૂત કરવા પર જોર દેવા અને રિયલ એસ્ટેટ ગતિવિધિઓમાં વધારાને લઈને સીમેન્ટની માંગ વધી રહી છે. આંકડા અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૨માં સીમેન્ટની માંગ કોરોના પહેલાના સ્તરે પહોંચી ગઈ છે. નાણાકીય વર્ષ ૨૦૧૯માં આ માંગ ૩૩.૧ કરોડ ટન હતી તે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં વધીને ૩૫ કરોડ ટન થઈ ગઈ છે. આગામી વર્ષે તેમાં ૮થી ૯ ટકાનો વધારો થવાનુંઅનુમાન છે. તેના માટે પાયાના માળખા પર સરકારનો વધતો ખર્ચ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં વધતી ગતિવિધિઓ છે. આ સિવાય સિમેન્ટનો ખર્ચ પણ વધી રહ્યો છે. ઉત્પાદનમાં વાર્ષિક આધારે ૩૫૦થી ૪૦૦ રૂપિયા પ્રતિ ટનનો વધારો માત્ર ઈંધણના ખર્ચમાં થયો છે. આ સિવાય અન્ય અનેક ટેકનિકલ કારણોથી સીમેન્ટના ભાવમાં ૩.૫થી માંડી ૪ ટકા સુધીના ભાવ વધારાની આશંકા છે. આંકડા મુજબ કંપનીઓ તરફથી નવેમ્બરમાં જ સીમેન્ટની પ્રતિ ગુણીએ રૂ.૧૫થી ૨૦ વધારી દેવામાં આવ્યા છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
નાડાતોડ દુધ ઉ.સ. મંડળી લી.
તરફથી અભીનંદન....
મુ. તડવી ફળીયું-નાડાતોડ,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
નાયક રમણભાઈ ગુરૂજીભાઈ
તરફથી અભીનંદન....
મુ. આમલી પાણી છોતળા,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

કેન્દ્રિય મંત્રી રૂપાલાએ લુણાવાડા બેઠક પર પક્ષ છોડી અપક્ષમાં જનારને લીધા આડે હાથ

તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમ તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ચૂક્યું છે. આ સાથે બીજા તબક્કાની ચૂંટણીને લઈ રાજકીય પક્ષો દિવસ રાત એક કરી રહ્યા છે. આ દરમિયાન લુણાવાડા વિધાનસભાના ઉમેદવાર જીગ્નેશભાઈ સેવકના સમર્થનમાં કેન્દ્રીયમંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ મઘવાસ ખાતે જંગી સભાને સંબોધી હતી. જેમઆ તેમણે પક્ષ છોડી અપક્ષમાં જનારને આડે હાથ લીધા હતા અને જાહેર સભામાં ઝાટકણી કાઢી.

રૂપાલાએ પ્રચંડ બહુમતિથી લુણાવાડા બેઠક પર જીગ્નેશ સેવકને જીતાડી ગાંધીનગર મોકલવા અપીલ કરતા જણાવ્યું કે પહેલી વખત જ્યારે હું આવ્યો હતો. ત્યારે જિગ્નેશ સેવકના કામનો અનુભવ નહોતો હવે તો સેવકનું કામ પણ સેવક જેવું છે. એનો અનુભવ તો બધાએ કર્યો હશે. હમણાં હમણાં અપક્ષ ઉમેદવારો વાતો ફેલાવે છે કે મતદારો હમણાં અમને મત આપો પછી અમે ભાજપમાં જ આવવાના છીએ તો તમારે ભાજપમાં જ જવું છે, તો અત્યારે જ ભાજપના ભેગા જ બેસો ને.. ક્યારેય એવું સાંભળ્યું છે કે કોઈ ચોરી કરવા આવે એ એમ કરે ખરો કે હમણાં ચોરી કરી લઈ જાયને પછી પાછા આપી જાય એટલે આવા લોકોથી ચેતજો.

ભાજપે એમને ઘણું આપ્યું હતું પણ એમણે ભાજપ સાથે ગદ્દારી કરી છે. અત્યારે અમુક નાની નાની ચીજો હમણાં એમ કહે છે કે અમે એમનેમ થોડા નીકળ્યા છીએ અમારી સાથે પીઠબળ મોટું છે તો પીઠબળવાળાને આગળ કરીને જુવો તો ખબર પડે, એકવાર જેને સસ્પેન્ડ કર્યા એ કેન્સલ કરાવી તો જુવો. તમે તમારા નામે મત માંગી જુવો ભાજપ ના નામે શું નીકળી પડ્યા છો. આમ ભાજપ પક્ષ છોડી અપક્ષ ઉમેદવારી કરનાર ને આડે હાથ લઈ આવા લોકોની પક્ષમાં કોઈ સ્થાન નથી. તેવો સ્પષ્ટ સંદેશ આપ્યો હતો.

રૂપાલાએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કરી કોંગ્રેસને મૂળિયા સાથે ઉખાડી નાખવા અપીલ કરી હતી. વધુમાં તેમણે મોદી સરકારની આયુષ્માન ભારત સહિતની જનકલ્યાણકારી યોજનાઓ વિષે તેમના આગવા અંદાજમાં લોકોને રસ તરબોળ કર્યા હતા. ચુકેનના ઉદાહરણ સાથે મોદીએ સાચા અર્થમાં ભારત દેશનું નામ વિજય વિશ્વ તિરંગા પ્યારા કરી બતાવ્યું છે. તેમણે પાંચમી ડિસેમ્બરે પહેલું કામ પતિ પત્નીને લક્ષ્મીનારાયણ સ્વરૂપે તેમજ યુવાવર્ગને જંગી મતદાન કરવા અપીલ કરી હતી.

મહીસાગર જિલ્લામાં એકલવ્ય મા.શાળા ડિટવાસ ખાતે મતદાન જાગૃતિ રેલી યોજાઇ

મહીસાગર,

વિધાનસભાની સામાન્ય ચુંટણી–૨૦૨૨ માં મતદાન કરવા માટે લોકોમાં જાગૃત્તિ કેળવવા અર્થે મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ભાવિન પંડ્યાના માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લામાં વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે. મહીસાગર જિલ્લાની શાળાઓ ખાતે વિદ્યાર્થીઓ અને શાળા પરિવારના સફળ સંકલન દ્વારા અવનવી પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી રહી છે.

જેમાં તાજેતરમાં અવસર લોકશાહીનો કેમ્પેઇન અંતર્ગત એકલવ્ય મા.શાળા ડિટવાસ ખાતે મતદાર જાગૃતિ રેલીનુ આયોજન કરવામા આવ્યુ હતું. જેમાં મહત્તમ લોકોએ ભાગ લઈ રેલી સફળ બનાવી હતી. આ ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય અને દરેક નાગરિક સહર્ષ રીતે આ પ્રક્રિયાનો ભાગ બને એવા પ્રયાસો જિલ્લા ચૂંટણી તંત્ર મહીસાગર દ્વારા હાથ ધરવામાં આવી રહ્યા છે.

આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર, વિદ્યાર્થી યુનિયન સત્કાર સમારંભ

તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરના, વિદ્યાર્થી યુનિયનની રચના કરવા આવી. વિદ્યાર્થી યુનિયનનાં GS તરીકે ખાંટ પુષ્પાબેન અને તથા LR તરીકે ડામોર રાધાબેનની વરણી કરવામાં આવી હતી. કોલેજ પરિવાર વતી બંને વિદ્યાર્થીની પ્રતિનિધિનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પુષ્પહાર, ગુલાલ અને પુષ્પ વર્ષા કરી આતશબાજી થી તમામ CRનું પણ અભિવાદન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો.અભય પરમાર તથા IQACના કોઓર્ડિનેટર દેવરાજ નંદા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી.

શહેરા ખાતે કોંગ્રેસના ઉમેદવાર જ્યારે ફોર્મ ભરવા માટે આવેલા ત્યારે

અગાઉ થી કરેલ આયોજન બદ્ધ કાવત્રાના ભાગરૂપે જાનલેવા હુમલામાં ઉમેદવાર ખાતુભાઈ પગીની આગોતરા જામીન અરજી સાથેની તમામ જામીન અરજી નામંજૂર

શહેરા,

સમગ્ર પંચમહાલ જિલ્લામાં ચકચાર જગાવનાર બનાવની હકીકત એવી છે કે, શહેરા ખાતે કોંગ્રેસના ઉમેદવાર ખાતુભાઈ પગી પોતે પોતાના કાર્યકર્તાઓ સાથે ફોર્મ ભરવા માટે આવેલા તે સમયે અગાઉ થી જે આયોજન બદ્ધ કાવત્રુ રચવામાં આવેલું તે મુજબ તેમને ભા.જ.પ ના ઉમેદવાર તથા સમર્થકોને મારમારી મારી નાખવાના છે તેવું નક્કી કરેલું અને તેના ભાગરૂપે ભા.જ.પ ની શણગારવામાં આવેલી ગાડીની ઉભા બજારમાં તોડફોડ કરી અને રંગીતભાઈ નામના ભા.જ.પના કાર્યકરને ઢોર માર મારવામાં આવેલો આ સમયે ત્યાં બંદોબસ્તમાં હાજર શહેરના ડી સ્ટાફના પી.એસ.આઈ. કામોળ હાજર હતા તેમને આ ઝનુની ટોળાને વિખરાઈ જવા વારંવાર સુચના આપી હતી. પરંતુ કોંગ્રેસ કાર્યકર્તાઓનું ઝનૂની ટોળું વિખરાયેલું નહીં અને બેફામ પણે ભા.જ.પ.ના કાયેકતો રંગીતભાઈને લોહી લુહાણ કરી નાખતા ના છુટકે પી એસ.આઈ. કામોળ દ્વારા એક રાઉન્ડ કરવામાં આવેલું તેમ છતાં ટોળું પત્થરો મારતું મારતું ચાલ્યું ગયેલું અને આ સમયે કોંગ્રેસના ઉમેદવાર ખાતુભાઈ પગી હાથમાં ખુલ્લી તલવાર લઈને નીકળેલા જેથી આ બાબતે શહેરા પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરૂદ્ધ કાવત્રાની કલમો સાથે ઈ.પી.કો કલમ ૧૪૩.૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૭ વિગેરે મુજબ નો ગુન્હો નોંધવામાં આવ્યો હતો અને સથળ ઉપર થી પકડાયેલ આરોપીઓ તથા અન્ય આરોપીઓ દ્વારા તથા કોંગ્રેસના ઉમેદવાર ખાતુભાઈ પગી દ્વારા નામદાર કોર્ટમાં આગોતરા તથા નિયમિત જામીન અરજીઓ દાખલ કરવામાં આવી હતી. જે જામીન અરજીઓની સુનાવણી થતાં જીલ્લા સરકારી વકીલ રાકેશ એસ. ઠાકોરની વિગતવારની દલીલો તથા પોલીસ અધિકારી રાજપૂત દ્વારા કરવામાં આવેલ વિગતવારના એફીડેવીટને ધ્યાનમાં રાખીને પંચમહાલ જિલ્લાના એડીશનલ સેન્સસ જજ એચ.પી.મહેતા એ કોંગ્રેસના ઉમેદવાર ખાતુભાઈ પગીની આગોતરા જામીન અરજી તથા અન્ય આરોપીઓની નિયમિત જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે. આ જામીન અરજી નામંજૂર થતાં સમગ્ર પંચમહાલ જિલ્લામાં ચકચાર મચી જવા પામ્યો છે. હવે શું થશે તેની ચર્ચા થઈ રહી છે.

હાલોલના રાઘનપુર (તલકવાડા) ગામે ખુલ્લી જગ્યા માંથી ૫૨ હજારની ઈંગ્લીશ દારૂ સાથે ઈસમને ઝડપ્યો

હાલોલ,

હાલોલ તાલુકાના રાઘનપુર (તલકવાડા) ગામે રહેતા આરોપીએ પોતાના ઘર નજીક ખુલ્લી જગ્યામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૫૨,૪૦૦/–રૂપીયાના જથ્થા સાથે એક ઈસમ ઝડપ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના રાઘનપુર (તલકવાડા) ગામે શૈલેષભાઈ દલસિંગભાઈ રાઠવા અને અનિલ નરવતભાઈ પરમાર પોતાના ઘર પાસે ખુલ્લી જગ્યામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને ધંધો કરતાં હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી કવાટરીયા નંગ–૨૬૦, બિયર નંગ–૨૬૪૫ મળી કુલ ૫૨,૪૦૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે અનિલભાઈ પરમારને ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે હાલોલ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

દે.બારીઆ તાલુકાકક્ષાની વાર્તાકથ સ્પર્ધા બી.આર.સી. ભવન દે.બારીઆ ખાતે યોજાઈ. જેમાં બારીઆ વંદનાબેન પ્રવિણભાઈ તાલુકામાં પ્રથમ અને બારીઆ નેન્શીબેન ઉદેસિંગ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી શાળા અને ગામનું ગૌરવ વધારવા બદલ માર્ગદર્શક શિક્ષક શૈલેષભાઈ સોલંકી તથા શાળા પરિવાર અને ગામ વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

શહેરાના જેથરીબોર ગામે જમીનના ઝઘડામાં મારી નાંખવાની ધમકી આપતા પાંચ વ્યકિતઓ સામે એટ્રોસિટીની ફરિયાદ

શહેરા,

શહેરાના જેથરીબોર ગામે જમીનના ભાગ બાબતે મારામારી કરીને જાનથી મારી નાંખવાની ધમકી આપીને જાતિય વિષયક શબ્દો બોલતા શહેરા પોલીસ મથકે બે મહિલા સહિત પાંચ સામે એટ્રોસિટી એકટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો.

શહેરા તાલુકાના જેથરીબોર ગામે કોબા ફળિયામાં રહેતા રમેશભાઈ પ્રતાપભાઈ પટેલિયા, નંદાબેન પ્રતાપભાઈ પટેલિયા, બાબુભાઈ ભેમાભાઈ પટેલિયા, મહેન્દ્રભાઈ બાબુભાઈ પટેલિયા તેમજ નંદાબેન ગલાભાઈ પટેલિયા નામની વ્યકિતઓ તેમની જમીનમાં સરકારી જમીન માપણી કરાવતી હોઈ જેમાં તે જ ફળિયામાં રહેતા કેસરભાઈ માનાભાઈ નાયકનુ ઘર રમેશ પટેલિયાના ભાગમાં આવતા કેસરભાઈએ જણાવેલ કે, આ જમીન પર અમારા ઘર બાંધેલ છે , તે અમારી પાસે રહેવા દો, તેમ જણાવતા રમેશ પટેલિયા સહિત તેમની સાથેના અન્ય સભ્યોએ લોખંડના સળિયાઓ તેમજ પાઈપ અને પ્લાસ્ટિકના ડબ્બાઓ સાથે લઈ આપી કેસરભાઈને અપશબ્દો બોલવા લાગ્યા હતા. સાથે જ તેઓએ જાતિ વિષયક શબ્દો બોલી અમારા ગામમાંથી નાસી જાઓ નહિ તો તમને જાનથી મારી નાંખીશુ તેમ કહી રમેશ પ્રતાપભાઈએ કેસરભાઈને ગડદાપાટુનો માર મારી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હોવાની હકીકત કેસરભાઈ નાયકે શહેરા પોલીસ મથકે જણાવતા શહેરા પોલીસે આ તમામ વિરુદ્ધ એટ્રોસિટી એકટ તેમજઅન્ય કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા માટે કાર્યવાહી હાથ ધરી હતી.

કાલોલના ડેરોલ અને ખરસાલિયાના રેલ્વેના પ્રશ્નોના નિરાકરણ માટે પ.રેલ્વે સંઘર્ષ સમિતિ દ્વારા રજુઆત

ગોધરા,

પંચમહાલ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકોના પ્રચાર માટે કાલોલ તાલુકાના વેજલપુર ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમનને પગલે કાલોલ તાલુકા પંથકની સમસ્યાઓ ઉજાગર થવા પામી હતી. જે સમસ્યાઓ અંતર્ગત પશ્ચિમ રેલ્વે સંઘર્ષ સમિતિની રજુઆત અનુસાર કાલોલ તાલુકાના ડેરોલ સ્ટેશન અને ખરસાલિયા ખાતે પાછલા ચાર વર્ષથી રેલ્વે ઓવરબ્રિજની કામગીરી ખોરંભે ચઢેલી છે. જેને કારણે સ્થાનિક અસરગ્રસ્તો અને વાહનચાલકો ચાર વર્ષથી ભારે હાલાકીઓ ભોગવી રહ્યા છે. જે સત્વરે પુરી થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે. તદ્ઉપરાંત કાલોલ તાલુકાના કેન્દ્ર સમાન ડેરોલ સ્ટેશન ખાતે વલસાડ–દાહોદ ઈન્ટરસિટી ટ્રેન ગત વર્ષથી ચાલુ કરેલ છે પરંતુ વડોદરાથી દાહોદ વચ્ચે ડેરોલ સ્ટેશનને સ્ટોપેજથી વંચિત રાખવામાં આવેલ છે. પશ્ચિમ રેલ્વે સંઘર્ષ સમિતિના જણાવ્યાનુસાર તાજેતરમાં રેલ્વે તંત્ર દ્વારા ભાડામાં વધારો કરવામાં આવ્યો હોવાથી રેલ્વે તંત્ર દ્વારા વ્યાજબી ભાડુંવસુલાય અને વરીષ્ઠ નાગરિકોને હાલમાં એકસપ્રેસ ટ્રેનોમાં મુસાફરી દરમિયાન ૫૦ ટકા ટિકીટ કન્સેશનનો લાભ મળતો નથી જેથી વડાપ્રધાન વેજલપુર ખાતે આવતા હોવાથી સમસ્ત પંચમહાલ/દાહોદ જિલ્લાના પ્રજાજનો પીડનારા રેલ્વેના પ્રશ્નો તેમના આગમનની સાથે નિરાકરણ પામે તેવી લોકમાંગ ઉઠવા પામી હતી.

કેદારનાથ ધામમાં શિવ ઉદ્યાન બનશે અને રસ્તામાં ૪ ચિંતન સ્થળો

નવીદિલ્હી,

વડાપ્રધાને કેદારનાથ ટ્રેક અને કેદાર ઘાટીમાં યાત્રાળુઓ માટે વિશેષ સુવિધાઓના નિર્માણ અને વિકાસ પર ભાર મૂક્યો છે. આ અંતર્ગત કેદાર ઘાટીમાં સ્થિત કેદારનાથ મંદિરની પાછળ એક શિવ ઉદ્યાન બનાવવામાં આવશે, જે યાત્રિકોને દિવ્યતાની અનુભૂતિ કરાવશે. તીર્થયાત્રીઓના ધ્યાન અને આરામ માટે, ગૌરીકુંડથી કેદારનાથ સુધીના ટ્રેક પર ચાર ચિંતન સ્થળો બનાવવામાં આવશે. કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રાલય ૨૦૨૩માં શરૂ થનારા આ પ્રોજેક્ટ્સને ૮ મહિનામાં પૂર્ણ કરશે. તેના માટે ૧૧૮ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

ગૌરીકુંડથી કેદારનાથ સુધીના ૧૮ કિલોમીટરના રૂટ પર આવતા રામબાડા, છોટી લિનચોલી, બડી લિનચોલી અને ચન્ની કેમ્પ જેવા રમણીય સ્થળો પર ધ્યાન સ્થાનો બનાવવામાં આવશે. શિવ ઉદ્યાનમાં યાત્રાળુઓ માટે એમ્ફી થિયેટર-શૈલીનો વિશાળ બેઠક વિસ્તાર, ગ્રીન એરિયા અને તેની આસપાસ એક રિટેઈનિંગ વોલ હશે. એક વરિષ્ઠ સરકારી અધિકારીએ ન્યૂઝ૧૮ ને જણાવ્યું કે આ પાછળનો વિચાર શ્રદ્ધાળુઓને સંપૂર્ણ આધ્યાત્મિક અનુભવ પ્રદાન કરવાનો અને કેદારનાથ મંદિરની તેમની મુલાકાતને વધુ આરામદાયક અને સમૃદ્ધ બનાવવાનો છે. યાત્રાળુઓ માટે ચાર ચિંતન સ્થળો તેમજ તેમના આરામ અને સ્વસ્થ થવાના સ્થળો પર ધ્યાન સંગીત વગાડવામાં આવશે. અહીંની દીવાલો પર ડિસ્પ્લે LEDમાં કેદારનાથ મંદિરના દ્રશ્યો હશે. હાલમાં, ગૌરીકુંડથી કેદારનાથ મંદિર સુધીના માર્ગમાં મોટાભાગે આવાસ અને આરામ માટે ખાનગી સુવિધાઓ છે. કેદારનાથમાં આવનારા ભક્તોની ભીડના કારણે સુવિધાઓ ઊભી કરવા અધિકારીઓને વડા પ્રધાનની વિનંતી વચ્ચે આ પગલાં પણ લેવામાં આવ્યા છે. આ વર્ષે રેકોર્ડ ૧૪ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ કેદારનાથની મુલાકાત લીધી હતી. કેદારનાથમાં ગયા વર્ષે પીએમ દ્વારા ઉદ્ઘાટન કરાયેલ આદિ ગુરુ શંકરાચાર્યની જીર્ણોદ્ધાર સમાધિની મુલાકાત લેનારા યાત્રિકોમાં પણ મોટો વધારો થયો છે. સમાધિ સ્થળે શંકરાચાર્યની ૧૨ ફૂટની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. હવે કેદારનાથ આવતા શ્રદ્ધાળુઓ માટે શિવ ઉદ્યાન એક નવું આકર્ષણ બનશે.

આપની આજ.....

મેષ : લવ લાઈફમાં નવી શરૂઆત થશે અને સંબંધો પણ મજબૂત બનશે. સામાજિક તથા રાજનૈતિક સીમા પણ વધશે. કાર્યક્ષેત્રમાં ધૈર્ય અને પ્રતિભા સાથે તમે દુશ્મન પર વિજય મેળવવામાં સફળ થશો.

વૃષભ : નવા કાર્યો શીખવામાં સફળતા મળશે. મહિલાઓ માટે આજનો દિવસ ખૂબ જ ઉત્તમ છે. કાર્યસ્થળ પર તમે તમારી વાત સાચી સાબિત કરી શકશો.

મિથુન : વ્યવસાયમાં થોડા પરિવર્તન જેવી સ્થિતિ બની રહી છે. ધાર્મિક પ્રવૃત્તિના લોકો સાથે મુલાકાત તમારા દૃષ્ટિકોણમાં આશ્ચર્યજનક અને પોઝિટિવ પરિવર્તન લાવશે. ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યો પ્રત્યે તમારો રસ વધશે.

કર્ક : જીવનસાથીના કરિયરમાં પ્રગતિના કારણે પ્રસન્ન રહેશો. વ્યવસાયમાં તમારા સખત પ્રયત્નોથી ઈચ્છા પૂર્ણ થશે. આજે વ્યવસાયિક ગતિવિધિઓ ઘરે રહીને જ યોગ્ય રીતે શરૂ થઇ જશે. રોજગારી ક્ષેત્રે અવરોધ દૂર થશે.

સિંહ: આજે સપના સાકાર કરવાનો દિવસ છે, મહેનતથી કામ લેવું. તમને પૂર્વજો પાસેથી પૈસા મળે તેવી સંભાવના છે. આર્થિક સ્થિતિમાં સુધારો થશે, પરંતુ ખર્ચા પર નજર રાખો. ઠંડા-ગરમ વાતાવરણના કારણે ગળમાં તકલીફ રહેશે.

કન્યા : જીવનસાથીનો સહયોગ તમારા મનોબળને જાળવી રાખશે. ભાગદોડ કરવાની જગ્યાએ શાંતિથી કામ પૂર્ણ કરવાની કોશિશ કરો. આજે માનસિક રૂપથી ખૂબ જ સંતોષજનક સમય છે.

તુલા : મિત્રોની સહાયથી અટકેલા કાર્યો પૂરા થશે અને નવા સારા મિત્રો પણ મળી શકશે. વ્યવસાયમાં હાલ વધારે સુધારની જરૂરિયાત નથી. ધાર્મિક અને અધ્યાત્મિક ક્ષેત્રમાં તમારો રસ વધવાથી તમારા વિચાર પણ પોઝિટિવ અને સંતુલિત રહેશે. વ્યસ્તતા વચ્ચે તમે લવ લાઈફ માટે સમય આપશો.

વૃશ્ચિક : ધનલાભના યોગ છે. અન્યની સલાહ લેવાની જગ્યાએ પોતાના મનનો અવાજ સાંભળો અને તેના ઉપર અમલ કરો. વિદ્યાર્થીઓને ગુરુના ટેકાથી ફાયદો થશે. જીવનસાથીને નવા ધંધાનો પ્રારંભ કરવા માટેનો સહયોગ મળશે.

ધનુ : રોજિંદા ભાગદોડથી થોડી રાહત મળશે. નબળાઈના કારણે પગમાં દુખાવાની પરેશાની રહેશે. આજે મોટાભાગનો સમય અધ્યાત્મક ગતિવિધિઓમાં પસાર થશે.

મકર : પાર્ટનરશિપને લગતાં વ્યવસાયમાં વિશેષ સાવધાની જાળવવાની જરૂરિયાત છે. અટવાયેલાં કે ઉધાર આપેલાં રૂપિયા પાછા મળવાની શક્યતા છે. વાતચીત કરીને તમે તમારું કામ કઢાવી શકશો. આજે જ્ઞાનવર્ધક તથા રોચક સાહિત્યમાં વિશેષ રસ રહેશે.

કુંભ : પારિવારિક વાતાવરણ પોઝિટિવ જળવાયેલું રહેશે. વિદ્યાર્થીઓને લગતાં કોઈ કામમાં સફળતા મળવાની પૂર્ણ સંભાવના છે. આ સમયે વર્તમાન ગ્રહ સ્થિતિ તમને અદભૂત શક્તિ પ્રદાન કરી રહી છે.

મીન : ખોવાયેલા પૈસા અથવા અટકેલા પૈસા મળશે. કોઈપણ મુશ્કેલ સમસ્યાનો ઉકેલ પરામર્શની શક્તિના આધારે પણ આવશે. આજે તમે કોઈ પણ શુભ કે ધાર્મિક કાર્યક્રમની વ્યવસ્થામાં વ્યસ્ત રહેશો.

ગુજરાતના અનેક શહેરોમાં આગામી દિવસોમાં ઠંડીનો તીવ્ર ચમકારો અનુભવાશે

અમદાવાદ,

રાજયમાં ધીરે ધીરે શિયાળો જામી રહ્યો છે ત્યારે રાત પડતા જ વાતાવરણ ઠંડુંગાર બની જાય છે. તો રાત પડતા જ મોટા ભાગના જિલ્લામાં ઠંડક વર્તાવા લાગે છે હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી દિવસોમાં રાજ્યમાં ઠંડીનું જોર વધશે. દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થશે ત્યારે રાત્રે ભારે ઠંડકનો અનુભવ થશે. ત્યારે આજે અમદાવાદ ગાંધીનગર, મોરબી, મહેસાણા, ખેડા, નર્મદામાં ઠંડીનો પારો ૧૬ ડિગ્રી જેટલો ડાઉન જશે. જયારે કચ્છના નલિયામાં રાત્રિનું વાતાવરણ ૧૫ ડિગ્રી જેટલું નીચું જવાની શકયતા છે. કેટલાક જિલ્લાઓમાં રાત્રિ દરમિયાન વાતાવરણ ૧૮થી ૨૦ ડિગ્રીની આસપાસ રહેશે અને તેના કારણે ઠંડી વધી પડશે. હવે સાંજે બહાર જાવ તો ગરમ વસ્ત્રો જરૂર સાથે રાખવા પડશે, કારણ કે સાંજ પડતાં જ ઘણા શહેરોમાં ઠંડીનો ચમકારો શરૂ થઈ જાય છે

અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી અનુભવાશે. અમરેલીમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી તથા ન્યૂનત્તમ તાપમાન ૧૭ ડિગ્રી રહેશે. રાજ્યમાં ધીરે ધીરે શિયાળો જમાવટ કરી રહ્યો છે ત્યારે મોડી સાંજથી ઠંડીનો અનુભવ થશે. તો આણંદમાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ડિગ્રી ૧૬ અનુભવાશે. જ્યારે અરવલ્લીમાં પણ મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી અનુભવાશે. જ્યારે બનાસકાંઠામાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી અનુભવાશે. તો ભરૂચમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી અનુભવાશે.

દાહોદમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી અનુભવાશે. તો ન્યૂનતમ તાપમાન ૧૩ ડિગ્રી રહેશે. તો બોટાદનું મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી અનુભવાશે. જ્યારે ભાવનગરમાં મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન૧૯ ડિગ્રી અનુભવાશે. જ્યારે છોટા ઉદેપુરમાં મહત્તમ તાપામાન ૩૧ ડિગ્રી તથા ન્યૂનતમ તાપમાન ૧૬ ડિગ્રી થશે જેના લીધે મોડી રાત્રે તેમજ વહેલી સવારે ઠંડીનો અનુભવ થશે. સૌરાષ્ટ્રમાં દેવભૂમિ દ્વારકાનું મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી અનુભવાશે. તો ગીર સોમનાથમાં મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રી અનુભવાશે. જ્યારે જામનગરમાં મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી તથા ન્યૂનત્તમ તાપમાન ૧૭ ડિગ્રી રહેશે. જ્યારે કચ્છમાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા ન્યૂનત્તમ તાપમાન ૧૫ ડિગ્રી રહેશે. આમ દિવસ દરમિયાન ગરમી અને રાત્રે એકદમ ઠાર પડશે.

જૂનાગઢમાં દિવસે ઉગ્ર ગરમી અને રાત્રે પડશે ઠંડી રાજ્યના પાટનગર ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી અનુભવાશે. તો જૂનાગઢમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી અનુભવાશે અને ઠંડકનો અનુભવ થશે. મહિસાગર જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી રહેશે. જ્યારે નર્મદા જિલ્લાનું મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી રહેશે. મહેસાણામાં મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી રહેશે. તો રાજકોટ જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી રહેશે. જ્યારે મોરબીમાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા ન્યૂનતમ તાપમાન ૧૫ ડ્રિગ્રી રહેશે.

જ્યારે પાટણમાં મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી તથા ન્યૂનતમ તાપમાન ૨૦ ડિગ્રી તથા પોરબંદરમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી તથા ન્યૂનતમ તાપમાન ૧૭ ડિગ્રી રહેશે. જ્યારે સાબરકાંઠામાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૬ ડિગ્રી રહેશે. જ્યારે વડોદરામાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી તથા લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી રહેશે. જ્યારે વલસાડમાં મહત્તમ તાપામન ૩૩ ડિગ્રી રહેશે. તેમજ લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી રહેશે. જ્યારે તાપીમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી અને ન્યૂનત્તમ તાપમાન ૧૮ ડિગ્રી રહેશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

લીમખેડાના જેતપુર ગામે GRD કર્મી બે બાઈક ચાલકને રોકી દારૂની હેરાફેરી કરવાના આક્ષેપ કરી લાંચ માંગતા GRD કર્મીને ૫૦૦૦ હજારની લાંચ લેતા ACBએ ઝડપ્યા

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના જેતપુર ગામે લીમખેડા પોલીસ મથકે જી.આર.ડી. જવાન તરીકે ફરજ બજાવતાં કર્મચારીએ મોટરસાઈકલ પર જતાં એક વ્યક્તિને રસ્તામાં રોકી વિદેશી દારૂની હેરાફેરી કરતાં હોવાના આક્ષેપો મુકી કેસ નહીં કરવા મામલે જી.આર.ડી. જવાને રૂા.૩૦,૦૦૦ની માંગણી કરતાં આ લાંચના નાણાં જાગૃત નાગરીક આપવા માંગતા ન હોય જેથી તેમણે એ.સી.બી. પોલીસનો સંપર્ક કરતાં મહીસાગરની એ.સી.બી. પોલીસે જેતપુરમાં છટકું ગોઠવતાં લીમખેડા પોલીસ મથકનો જીઆરડી જવાન જાગૃત નાગરિક પાસેથી રૂા.૫૦૦૦ની લાંચ લેતાં રંગેહાથ ઝડપાઈ જતાં દાહોદ જિલ્લા પોલીસ બેડામાં ખભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો છે.

ગતરોજ એક વ્યક્તિ પોતાની મોટરસાઈકલ લઈ લીમખેડા તરફ આવતાં હતાં તે દરમ્યાન રસ્તામાં રોડ પર એક પોટલું પડ્યું હતું. જેથી મોટરસાઈકલના ચાલકે મોટરસાઈકલ ઉભી રાખી હતી. આ દરમ્યાન લીમખેડા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો જી.આર.ડી. જવાન પ્રવિણભાઈ સોમાભાઈ લુહાર (રહે. લુહાર ફળિયુ, મોટા હાથીધરા, તા.લીમખેડા, જિ.દાહોદ)નો ત્યાં પ્રાઈવેટ બોલેરો ગાડીમાં પોલીસનું પાટીયું મુકી આવ્યો હતો અને પોટલું રોડ પરથી લઈ પોતાની ગાડીમાં મુકી દીધુ હતું અને મોટરસાઈકલના ચાલકને કહેલ કે, દારૂ તમારો છે, તેમ કહી મોટરસાઈકલના ચાલક પાસેથી મોબાઈલ ફોન લઈ લીધો હતો અને રૂા. ૩૦ હજારની લાંચની માંગણી કરી હતી અને મોટરસાઈકલના ચાલકનો મોબાઈલ ફોન તેમજ રસ્તામાંથી મળી આવેલ પોટલુ લઈ જી.આર.ડી. જવાન જતો રહ્યો હતો. ત્યાર બાદ મોબાઈલ ફોન ઉપર વાતચીત થતાં દારૂનો કેસ નહીં કરવા રકઝકના અંતે રૂા. ૧૫૦૦૦ની લાંચની માંગણી જી.આર.ડી. જવાને કરી હતી જેની પ્રથમ લાંચની રકમ રૂા. ૧૦,૦૦૦ લઈ લેવામાં આવી હતી અને બાકીના ૫ હજારની લાંચની માંગણી કરતાં આ લાંચની રકમ જાગૃત નાગરીક આપવા માંગતાં ન હોઈ જેથી તેઓએ એસીબી પોલીસનો સંપર્ક કરતાં મહીસાગરની એસીબી પોલીસના સુપર વિઝન અધિકારી બી.એમ. પટેલ તેમજ તેમની ટીમે મહાવીર નાસ્તા હાઉસ, જેતપુર, ઝાલોદ રોડ ખાતે જી.આર.ડી.જવાનને લાંચની રકમ સાથે ઝડપી પાડવા છટકું ગોઠવ્યું હતું જ્યાં જાગૃત નાગરીક પાસેથી જીઆરડી જવાન પ્રવિણભાઈ લુહાર રૂા.૫૦૦૦ની લાંચ લેતાં રંગેહાથ એસીબી પોલીસના હાથે ઝડપાઈ જતાં સમગ્ર મામલે એસીબી પોલીસે ઝઢપાયેલ જીઆરડી જવાન પ્રવિણભાઈ લુહાર વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દે.બારીયામાં વન્ય પ્રાણી રીંછના હુમલામાં આધેડ મહિલાનું મોત

- દે.બારિયા તાલુકાના સીંગોર ગામના ખેડા ફળીયાની ઘટના.
- વહેલી સવારે કુદરતી હાજતે ગયેલી મહિલા પર રીંછનો હુમલો.
- ખેતરમાં કામ કરતી મહિલાઓએ બૂમાબૂમ કરતા રીંછ જંગલમાં ભાગ્યો.
- પોલીસે મહિલાના શબ ને પીએમ અર્થે સરકારી દવાખાને મોકલ્યો.
- વન વિભાગની ટીમે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરાઈ.

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના સીંગોર ગામે વહેલી સવારે કુદરતી હાજતે જતી ૫૧ વર્ષની આધેડ મહિલા પર એકાએક આવી ગયેલા વન્યપ્રાણી રીછે જીવલેણ હુમલો કરતા વન્ય પ્રાણી રીંછના હુમલામાં ગંભીર રીતે ઘવાયેલી ઈજાગ્રસ્ત મહિલાનું મોત નીપજતા પંથકમાં ચકચાર મચી જવા પામી છે. માનવ વસાહતમાં વન્ય પ્રાણી રીંછના હુમલાના પગલે આસપાસના વિસ્તારોમાં ભયનો માહોલ ફેલાવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે. બારીયા તાલુકાના સિંગોર ગામના ખેડા ફળીયાની રહેવાસી ૫૧ વર્ષીય રચલીબેન રચજીભાઈ બારીયા આજરોજ સવારે ૬ વાગ્યાના અરસામાં ઘરની નજીક કાચા રસ્તા પર કુદરતી હાજતે જવા નીકળ્યા હતા. તે સમયે અચાનક આવી ચડેલા વન્ય પ્રાણી રીંછ દ્વારા મહિલા પર હુમલો કરી મહિલાના મોઢાના ભાગે ગંભીર રીતે હુમલો કરતા આસપાસના ખેતરમાં કામ કરી રહેલી મહિલાઓએ જોર જોરથી બૂમરાણ મચાવતા આસપાસના લોકો ભેગા થાય તે પહેલા રીંછ જંગલ તરફ ભાગી ગયો હતો. જોકે, બીજી તરફ વન્ય પ્રાણી રીછના હુમલામાં ગંભીર રીતે ઘવાયેલી રઈજીબેન બારીયા ફસડાઈને જમીન પર પડી ગઈ હતી. જ્યાં તેમનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. આ ઘટનાની જાણ સ્થાનિક પોલીસને કરાતા દેવગઢ બારિયા પોલીસે ઘટના સ્થળે પહોંચી રઈજીબેનની લાશને પીએમ માટે દેવગઢ બારિયા સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપી હતી.

વહેલી સવારે સિગોરના ખેડા ફળિયાની ૫૧ વર્ષે મહિલા પર વન્ય પ્રાણી રીછ દ્વારા હુમલો કરતા મહિલાનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જેની જાણ વન વિભાગને કરવામાં આવતા વન વિભાગના (IFS) આર.એમ.પરમાર, નાયબ વન સંરક્ષક દેવગઢ બારિયા, (IFS) પ્રશાંત તોમર, મદદનીશ વન સરક્ષક દેવગઢ બારીયા પરીક્ષત્ર વન અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને કાયદેસરની તપાસ હાથ ધરી પંચ કેસ કરવામાં આવ્યું હતું. તેમજ મને પ્રાણીના હુમલામાં મરણ પામેલ વ્યક્તિને સરકાર તરફે પાંચ લાખનું વળતરની જોગવાઈઓ સરકાર દ્વારા કરવામાં આવી છે. જેના અંતર્ગત વળતર માટેની કાર્યવાહી વન વિભાગની ટીમ દ્વારા હાથ ધરવામાં આવી હતી. સાથે સાથે વન વિભાગની ટીમે આસપાસના સ્થાનિકોને અપીલ કરી હતી કે, આસપાસના વિસ્તારમાં વન્યપ્રાણી રીંછની અવર-જવર જોવાઈ તો તાત્કાલિક વન વિભાગની ટીમને જાણ કરવી તેમજ સાંજના સમયે અંધારામાં જંગલ તરફ જવાનું ટાળવું, સાથે સાથે ચારથી પાંચ લોકોના સમૂહમાં ટોર્ચ રાખી મોટા અવાજે વાતો કરતા જેવું તેમજ આસપાસ સતત આપણું બળતું રહે તેવી યોગ્ય અજવાળું રાખવું સાહિત્ય તકેદારી રાખવા સ્થાનિકોને અપીલ કરવામાં આવી હતી.

દાહોદ ખાતે વિશ્વ એઈડ્સ દિવસ નિમિતે જાગૃતિ રેલીનું આયોજન કરાયું

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તા. ૦૧/૧૨/૨૦૨૨ ના રોજ વિશ્વ એઈડ્સ દિવસ ઉજવણી નિમિતે આરોગ્ય મંડળ અને સંશોધન કેન્દ્ર દ્વારા સંચાલિત ટી.આઈ પ્રોજેક્ટ અને એસ. આર. કડકિયા સ્કુલ ઓફ નર્સિંગના સંયુક્ત ઉપક્રમે અર્બન હોસ્પિટલ રલિયાતી દાહોદ ખાતે જીલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી એ રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. તેમાં DTHO ડો. આર.ડી. પહાડીયા, મુખ્ય જીલ્લા તબીબી અધિકારી ડો. નરેન્દ્ર હાંડા, સંસ્થાના પ્રમુખ સંદીપ શેઠ, પ્રોજેક્ટ ડાયરેક્ટર નિરેનભાઈ શાહ અને નર્સિંગ સ્કુલ ના પ્રિન્સીપલ ડો. કે.એલ.લતા તથા ટી.આઈ પ્રોજેક્ટ તેમજ એ.આર.ટી. સેન્ટર, ડાપકુ, ICTC કાઉન્સેલર, વિવિધ માર્ગો પર એચ.આઈ.વી એઈડ્સની લોક જાગૃતિ માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ રેલી જીલ્લા ક્ષય કેન્દ્ર ખાતે DTHO ડો. આર.ડી. પહાડીયાના હસ્તે વિશ્વ એઈડ્સ દિવસ ઉજવણી વિશે વધુ માહિતી આપી આ રેલીનું સમાપન કરવામાં આવ્યું. આવર્ષે WHO ની ૨૦૨૨ની થીમ ''સમાનતા લાવવી'' એટલે કે એચ.આઈ.વી.ગ્રસ્ત દર્દીઓ અને સામાન્ય માણસો માટે આપણે સમાનતા લાવવાની જરૂર છે. આવો આપણા બધાના સહિયારા પ્રયાસોથી એચ. આઈ. વી./ એઈડ્સનો અંત જરૂર આવશે.

વિહાન પ્રોજેક્ટ અને નર્સિંગ સ્કુલના વિદ્યાર્થીઓ તેમજ તમામ સ્ટાફે રેલીમાં ભાગ લીધો.આ રેલી દ્વારા દાહોદના

દે.બારીયા તાલુકાની જનતાનો સળગતો પ્રશ્ન : નલ સે જલ યોજનાની અધૂરી કામગીરી

દાહોદ,

દેવગઢ બારીયા તાલુકા સહીત દરેક તાલુકામાં લોકોને ઘરે બેઠા પાણી આપવાની સરકાર ની નલ સે જલ યોજનાની કામગીરી પુરજોશમાં શરૂ કરવામાં આવી પણ તેનું કોઈ નક્કર પરિણામ હજુ દેવગઢ બારીયા તાલુકાની જનતાને મળ્યું નથી. ખાસ કરીને દેવગઢ બારીયા તાલુકાના પીપલોદ વિસ્તારના ગામોમાં નલ સે જલ યોજનાનું કામ અધૂરૂં પડ્યું છે અને ખેડૂતોના ખેતરોમાં પાઈપ લાઈન નાખવા માટે ખોદકામ કરી ઉતાવળમાં પાઈપો નાખીને ખેતરમાં ખેડૂતોનું મોટુ નુકશાન પણ ઘણી જગ્યા એ થયેલું જોવા મળી રહ્યું છે. જે કામગીરી હજુપણ અધૂરી હોય ગામડામાં લોકોના ઘરે પાણી આવતું નથી. ખાનગી એજન્સીની વેઠ ઉતાર કામગીરીના પ્રતાપે આજે જનતાને પીવાના પાણી માટે ક્યારેક અન્ય જગ્યા એ હેન્ડપંપ અથવા કુવા ઉપર જવુ પડતું હોય છે. દેવગઢ બારીયા તાલુકાના અસાયડી, પીપલોદ, મોટીઝરી, સાલિયા, નાનીઝરી, રેબારી, કાળીયાગોટા, રામા, ભથવાડા, વાડોદર સહીત ના બીજાં નજીકનાં ગામડામાં પણ સરકારની આ કરોડો રૂપિયાની નલ સે જલ યોજનાનો કોઈ ફાયદો જણાતો નથી. કારણ કે, પાણી કોઈ ઘરે આવતું નથી. ગ્રામ પંચાયતના તલાટીઓ અને સરપંચ કામગીરીની તપાસ કર્યા વગર એજન્સીના નામના લાખ્ખો રૂપિયાના ચેક આપી દેવામાં આવ્યા, તે પણ વિચારવા જેવી વાત છે. ગામડાની દરેક ગ્રામ પંચાયત વિસ્તારની પ્રજા માટે સરકારના લાખ્ખો રૂપિયા પીવાના પાણી માટે ફાળવ્યા તે રૂપિયાનો ખોટો વ્યય ઉપરી અધિકારીઓ પણ જોઈ શકતા નથી.

આમ, દેવગઢ બારીયા તાલુકામાં સરકારની ઘરે ઘરે પીવાનું પાણી આપવાની નલ સે જલ યોજનાની અધૂરી કામગીરી પુરી કરી ગ્રામ્ય જનતાના ઘર સુધી પાણી પહોંચાડવામાં આવે તેવી ગ્રામ્ય જનતાની બુલંદ માંગ છે.

ગરબાડા તાલુકા નવા ફળિયા CHC ખાતે એક નવેમ્બર વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી

ગરબાડા,

તા.૧ ડિસેમ્બર સમગ્ર વિશ્વમાં વિશ્વ એઈડ્સ દિવસ તરીકે ઓળખવામાં આવે છે. ત્યારે ગરબાડા તાલુકાની નવા ફળિયા CHC ૧ ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નવા ફળિયા CHC ના ડોક્ટર આર. કે. મહેતા દ્વારા મોડેલ સ્કુલ તરૂણીઓ તેમજ સારવાર માટે આવનાર દર્દીઓને એઈડ્સ કઈ રીતે ફેલાય છે અને તેને કઈ રીતે અટકાવી શકાય તેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી અને સાથે જ કિશોર સ્વાસ્થ વિષય અને વ્યસનના દુષ્પ્રભાવ વિષય પર માહિતી આપવામાં આવી હતી. જેમાં રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના ડોક્ટર સહિતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

મતદાનને ગણતરીના જ દિવસો બાકી હોવા છતાં હિજરત કરવા ગરબાડા પંથકના લોકો મજબૂર

તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડામાં ભૂતકાળમાં અનેક કદાવર અને પ્રભુત્વ ધરાવતા નેતાઓ રાજ કરી ચૂક્યા હોવા છતાં સ્થાનિક કક્ષાએ રોજગારી મળી રહે તે સમસ્યાનો અંત લાવવામાં સૌ નેતાઓનો પનો ટૂંકો પડ્યો હોવાનું જોવા મળી રહ્યું છે. પરિણામે હાલમાં લોકશાહીના પર્વને ગણતરીના જ દિવસો બાકી છે. ત્યારે પરિવારનું ગુજરાન ચલાવવા માટે પંથકના લોકો હિજરત કરતા જોવા મળી રહ્યા છે. જાણે તેમને ચૂંટણી સાથે કોઈ લેવાદેવા જ નથી, તેમ લાગી રહ્યું છે. ગુજરાતના મોટા શહેરોમાં દરરોજ મોટી સંખ્યામાં લોકો હિજરત કરતા જોવા મળી રહ્યા છે.

દાહોદ શહેરના ગાંધી ચોક ખાતે આવેલી ધવલ મેડિકલ સ્ટોરના ભોંયરામાં અચાનક અગમ્ય કારણોસર આગ લાગતા દોડધામ મચી

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તા.૧-૧૨-૨૦૨૨ ના રોજ સાંજના સાડા પાંચ વાગ્યાના સમયગાળા દરમિયાન દાહોદ શહેરના ભરચક એવા ગાંધી ચોક વિસ્તારમાં આવેલી ધવલ મેડિકલ સ્ટોરના ભોંયરામાં અચાનક એકાએક આગ લાગવાની ઘટના બની હતી અને આગ લાગવાની ઘટના બનતા દાહોદના ફાયર ફાઈટરને જાણ કરવામાં આવી હતી અને તે બાદ ફાયરના જવાનો સાધન સામગ્રી લઈને ગાંધી ચોક ખાતે આવી પહોંચ્યા હતા અને ધવલ મેડિકલ સ્ટોરમાં નીચેના ભોયરામાં આગ લાગતા તેને ફાયરના જવાનોએ પાણીનો મારો ચલાવી અને આગ ઉપર કાબુ મેળવતો હતો પરંતુ આગ કયા કારણોસર લાગી હજુ જાણવા નથી મળ્યું. આગ લાગવાનું કારણ હજી સુધી અકબંધ રહેવા પામ્યું છે અને મેડિકલ સ્ટોર માં મોટા ભાગનું નુકસાન થવા પામ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે ફાયરના જવાનોએ આજરોજ આગ ઉપર કાબુ મેળવ્યો હતો અને આજુબાજુની દુકાનોમાં આગની જ્વાળાઓના પ્રસરે તે માટે ફાયર ના જવાનોએ આગ ઉપર પાણીનો મારો ચલાવી કાબુ મેળવ્યો હતો.

દાહોદના ખરોદા ગામે નવાવાસ ચેક પોસ્ટ પાસે ટેમ્પામાં લઈ જવાતું યુરીયા ખાતર ઝડપાયું

દાહોદ,

દાહોદ તાલુકાના ખંગેલાથી બીલ કે આધાર પુરાવા વગેરે ઝાલોદના પેથાપુર ગામે ટાટા ૪૦૭ ટેમ્પોમાં ગેરકાયદેસર રીતે લઈ જવાતો સબસીડાઈ જ નીમ કોટેડ યુરીયા ખાતરની રૂપિયા ૨૬ હજાર ઉપરાંતની કિંમતની ૧૦૦ થેલીઓ ખરોદા ગામે નવાવાસ ખાતે ચેકપોસ્ટ ઉપર ફરજ પરના નાયબ ખેતી નિયામકે પકડી પાડી ફરિયાદ નોંધાવતા દાહોદ તાલુકા પોલીસે ૪૦૭ ટેમ્પોનો ચાલક, ખાતર મંગાવનાર તથા ખાતર વેંચાતું આપનાર મળી ત્રણે જણા વિરૂધ્ધ ગુનો નોંધ્યાનું જાણવા મળ્યું છે.

રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના સજ્જનગઢ તાલુકાના ડુંગરા ગામના વિઠ્ઠલભાઈ રમેશચંદ લબાના પોતાના કબજાના આર જે. ૦૩ જી.એ-૭૨૧૭ નંબરના ટાટા ૪૦૭ ટેમ્પોમાં ખંગેલા ગામના એક વ્યક્તિએ ખંગેલાથી કોઈપણ પ્રકારનું બીલ કે આધાર પુરાવા વગર ગેરકાયદેસર રીતે રૂા.૨૬,૬૫૦ની કુલ કિંમતની સબડીડાઈજ નીમ કોટેડ યુરીયા ખાતરની થેલીઓ નંગ-૧૦૦ ભરી લઈ જતો હતો. તે વખતે બપોરના દોઢેક વાગ્યાના સુમારે ખરોદા ગામે નવાવાસ ખાતે ઉભી કરવામાં આવેલ ચેકપોસ્ટ પરથી નીકળતાં જ ચેકપોસ્ટ પર ચેકીંગ માટે ઉભેલા દાહોદ નાયબ ખેતી નિયામકની કચેરીના અર્પિતકુમાર પારસીંગભાઈ ભુરીયાએ ટેમ્પો રોકી તલાસી લઈ ટેમ્પોમાં મૂકેલ યુરીયા ખાતરની ૧૦૦ થેલીઓ પકડી પાડી તેના બીલ તેમજ આધાર પુરાવાની માંગણી કરતા ટેમ્પો ચાલક પુરાવા રજુ ન કરતા સદર માલ ઝાલોદના પેથાપુર ગામના ભુંડીયાભાઈ મોતીભાઈ લબાનાએ મંગાવ્યો હોવાનું જણાવતાં અર્પીતકુમાર ભુરીયાએ દાહોદ તાલુકા પોલિસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ટેમ્પોના ચાલક ખાતર મંગાવનાર તથા ખાતર મોકલનાર વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે.

સંજેલી ગામે તાંત્રિકવિધી કરાવવાના મામલે સંપર્ક કરાવનાર ઈસમનું અપહરણ કરી મારમારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના સંજેલી ખાતે બડવા દ્વારા વિધિ કરાવવાના મામલે બડવાનો સંપર્ક કરી આપનાર ઈસમને મારમારી તેનું અપહરણ કરી એક ફાર્મ હાઉસમાં ગેરકાયદેસર અટકાયતમાં રાખી મારમારી હાથે પગે ગંભીર ઈજાઓ પહોંચાડ્યાનું જાણવા મળ્યું છે.

ગોધરાના અનીફ હાજી સહીદ કબંદી તથા અબ્દુલ રજાક સહીદ કલંદરની બહેન જમીના ઉપર બાડવા દ્વારા વિધિ કરાવેલ હોવાથી આખુ ઘર બીમાર પડતાં બવડવાનો કોન્ટેક્ટ કરાવી આપનાર સંજેલીના કુંભાર ફળિયામાં રહેતા મુનાફભાઈ ગનીભાઈ મોરાવાલાને અનીફ હાજી કુલંદર અને અબ્દુલ રજાક કલંદરે ગાળો બોલી ફરીથી અમારા ઘરના તમામ સાણસોને સાજા કરી આપો તેમ જણાવી ફારૂક હમીદ અસલા, સલીમ કરીમ બદામ, ઈકબાલ અસલમ ચુચલા તથા અબ્દુલ રજાક કલંદરે પોતાના ફાર્મહાઉસ પર લઈ જઈ ગેરકાયદેસર અટકાયતમાં રાખી મારમારી જમણા હાથની બંને આંગળીઓ ફ્રેક્ચર કરી તથા ડાબા પગે ગેબી મારમારી ઈજાઓ પહોંચાડી હતી. આ ઘટના બાદ બંને પક્ષો દ્વારા સમાજ રાહે નિકાલ કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા પરંતુ કોઈ નિકાલ ના આવતા સંજેલી કુંભાર ફળિયામાં રહેતા મુનાફભાઈ ગનીભાઈ મોરાવાલાએ નોંધાવેલ ફરિયાદને આધારે સંજેલી પોલીસે ગોધરાના ફારૂકભાઈ હમીદભાઈ અસલા, સલીમ કરીમ બદામ સહીત કુલ છ જેટલા ઈસમો વિરૂધ્ધ ઈપિકો કલમ ૩૬૫, ૩૪૩, ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે.

દે.બારીઆના સાગટાળા પોલીસે ૫૦ હજારના ઈંગ્લીશ દારૂ સાથે ત્રણ બાઈકો ઝડપી

દાહોદ,

દેવગઢ બારીઆ તાલુકાના આંબલીઝોઝ ગામે જંગલવાળા રસ્તે ગોઠવેલ નાકાબંધી દરમ્યાન સાગટાળા પોલીસે રૂા. ૫૦ હજાર ઉપરાંતના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી ત્રણ મોટર સાયકલો સહીત રૂા. ૧,૨૦,૦૫૯નો મુદ્દામાલ કબજે લીધાનું જાણવા મળ્યું છે.

પ્રોહી અંગેની પોતાને મળેલ બાતમીના આધારે સાગટાળા પોલીસે મોડી રાતે આંબલી ઝોઝ જંગલવાળા રસ્તે નાકાબંધી કરી ત્યાંથી પસાર થતાં નાના મોટા તમામ વાહનો પર બાજ નજર રાખી ઉભી હતી. તે દરમ્યાન પોલીસની નાકા બંધી જોઈ દારૂનો જથ્થો લાદેલ મોટર સાયકલ તથા પાયલોટીંગ કરી રહેલી બે મોટર સાયકલો મળી કુલ ત્રણ મોટર સાયકલ ચાલકો પોતાના કબજાની મોટર સાયકલો ફેંકી નાસી ગયા હતા. પોલીસે રૂપિયા ૭૦,૦૦૦ની કુલ કિંમતની ત્રણ મોટર સાયકલો પોલીસે પકડી પાડી સાથે સાથે એક મોટર સાયકલ પર લાદેલ કંતાનના લગડામાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની પેટીઓ તથા છુટ્ટી બોટલો વગેરે મળી કુલ રૂા. ૫૦,૦૫૯ ની કિંમતની બોટર નંગ૧૧૩ પકડી પાડી વિદેશી દારૂ તથા ત્રણ મોટર સાયકલો મળી રૂા. ૧,૨૦,૦૫૯નો મુદ્દામાલ કબજે લઈ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના કઠીવાડા તાલુકાના નાની વડોઈ ગામના કુતરીયા ગુમજીભાઈ નાયક તથા ત્રણ મોટર સાયકલોના ચાલકો સહીત ચાર જણા વિરૂધ્ધ સાગટાળા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દેબારીયા વિધાનસભા બેઠક ઉપર NCP હટી જતાં ભાજપ માટે રસ્તો સાફ

દાહોદ,

દેવગઢ બારીયા વિધાનસભામાં પ્રજા વિજય પક્ષ અને અપક્ષ ઉમેદવાર માટે કપરા ચઢાણ. પ્રાપ્ત વિગતો મુજબ ૨૦૨૨ વિધાનસભા ચૂંટણીમાં બીજાં તબક્કા માં હવે માંડ માંડ ગણતરીના દિવસો ગણાઈ રહ્યા છે. ત્યારે દેવગઢ બારીયા વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ દેવગઢ બારીયા અને ધાનપુર તાલુકાના ગામડામાં હજુપણ મતદારોમાં ખાસ કોઈ રસ જણાતો નથી. માત્ર કાર્યકર્તાઓ પોતાની પાર્ટીના ખેશ પહેરી મિટિંગ કરતા જોવા મળી રહ્યા છે. કોંગ્રેસ અને એનસીપીના ગઠબંધનમાં ટિકિટ તો ખોઈ પણ ઉમેદવાર પણ હવે ખોવાઈ ગયા. કેમકે તેમનું કોઈ નામ નિશાન રહ્યું નથી. ભાજપા અને આમ આદમી પાર્ટીમાં જંગી મતોની સરસાઈ થી જીતવાના દાવા કાર્યકર્તા કરી રહ્યા છે. ક્યાંક ક્યાંક ગામડામાં તો ઠીક પણ ધાનપુર, દેવગઢ બારીયા અને પીપલોદ બજારમાં તો કોણ ઉમેદવાર વિજેતા બનશે તેની હારજીતની સોદાબાજી લાખ્ખો રૂપિયામાં પણ થઈ ગઈ હશે. ભૂતકાળમાં કોંગ્રેસનો ગઢ ગણાતો દેવગઢ બારીયા હવે ભાજપાનો ગઢ બન્યો છે અને આ ગઢ હવે કોઈપણ ઉમેદવારને સર કરવું પણ કઠિન છે.

ભારત અંતર્ગત જિલ્લા કક્ષાની વાર્તા કથન સ્પર્ધાનું આયોજન તારીખ ૩૦/૧૧/૨૦૨૨ ના રોજ જિલ્લા તાલીમ ભવન દાહોદ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં દાહોદ જિલ્લાના નવ તાલુકાની શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ગરબાડા તાલુકાની તાલુકા કન્યા પ્રાથમિક શાળામાં ધોરણ-૫ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પરમાર ઝીલમિલ જીગ્નેશભાઈ એ પ્રાથમિક વિભાગના ધોરણ ૩ થી ૫ ની વાર્તા કથન સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી પ્રથમ ક્રમાંકે વિજેતા બની હતી અને દાહોદ જિલ્લા તેમજ તાલુકા કન્યા પ્રાથમિક શાળાનું ગૌરવ વધાર્યું હતું. જે બદલ શાળાના આચાર્ય શૈલાદેવી તથા શિક્ષિકા બહેનો એ ઝીલમિલને શુભેચ્છા પાઠવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.86

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

જે ગુણો મને ગુજરાતે આપ્યા છે, તે ગુણો કોંગ્રેસીઓને ગમતા નથી, કોંગ્રેસી મને રાવણ-હિટલર કહે છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

કાલોલમાં અબ્દુલ કલામને હું લઈને આવ્યો હતો. જયોતિગ્રામ યોજનાની શરુઆત કાલોલથી કરી હતી. અમારી નિયતમાં ખોટ નથી એટલે નીતિઓ ખોટી નથી.

કાલોલ, ગુજરાત વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કાનું મતદાન ચાલી રહ્યું છે. આ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાલોલમાં જાહેરસભા સંબોધી હતી. આ સભા દરમિયાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેના 'શું મોદી પાસે રાવણની જેમ ૧૦૦ મોઢાં છે?'ના નિવેદનનો જવાબ આપતા તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીને ખબર નથી આ રામભક્તોનું ગુજરાત છે. રામભક્તોની સામે એમના પાસે બોલાવડાવવામાં આવ્યું કે, તમે મોદીને ૧૦૦ માથાવાળો રાવણ કહો. કોંગ્રેસ રામના અસ્તિત્વને જ સ્વીકાર કરતી નથી.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ચાલી રહેલા મતદાન વચ્ચે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ ખડગે દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કરવામાં આવેલી ૧૦૦ માથાવાળા રાવણની ટીપ્પણી પર નરેન્દ્ર મોદીએ કાલોલમાં ચૂંટણીસભામાં કહ્યું કે, કોંગ્રેસ પાર્ટીને ખબર નથી આ રામભક્તોનું ગુજરાત છે. રામભક્તોની સામે એમના પાસે બોલાવડાવવામાં આવ્યું કે, તમે મોદીને ૧૦૦ માથાવાળો રાવણ કહો. કોંગ્રેસ રામના અસ્તિત્વને જ સ્વીકાર કરતી નથી. અયોધ્યાના રામ મંદિરમાં પણ વિશ્વાસ નથી, એમનો તો રામસેતુ સામે પણ વાંધો. મને ગાળો બોલવા માટે રામાયણમાંથી રાવણ લઈ આવી બોલો. મને આશ્ચર્ય એ વાતનું છે કે, આટલા અપશબ્દો બોલવા છતાં કોંગ્રેસે ક્યારેય પશ્ચાતાપ પણ વ્યક્ત કર્યો નથી. કોંગ્રેસ પાર્ટી દેશના વડાપ્રધાનને નીચા દેખાડવા તેને પોતાનો અધિકાર સમજે છે. કોંગ્રેસનો ભરોસો લોકતંત્રમાં એક પરિવાર પર છે. પરિવારને ખુશ કરવા જે કંઈ કરવું પડે તે એક ફેશન થઈ ગઈ છે. કોંગ્રેસમાં તો મોદીને કોણ વધારે, મોટી અને તીખી ગાળો બોલે એની સ્પર્ધા ચાલે છે.પરંતુ જેટલો કાદવ ઉછાળશો તેટલું કમલ ખિલશે.

ગુજરાતમાં પ્રથમ તબક્કાના મતદાન વચ્ચે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ ખડગે દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કરવામાં આવેલી ૧૦૦ માથાવાળા રાવણની ટીપ્પણી પર નરેન્દ્ર મોદીએ કાલોલમાં ચૂંટણીસભામાં કહ્યું કે, કોંગ્રેસ પાર્ટીને ખબર નથી આ રામભક્તોનું ગુજરાત છે. રામભક્તોની સામે એમના પાસે બોલાવડાવવામાં આવ્યું કે, તમે મોદીને ૧૦૦ માથાવાળો રાવણ કહો. કોંગ્રેસ રામના અસ્તિત્વને જ સ્વીકાર કરતી નથી. અયોધ્યાના રામ મંદિરમાં પણ વિશ્વાસ નથી, એમનો તો રામસેતુ સામે પણ વાંધો. મને ગાળો બોલવા માટે રામાયણમાંથી રાવણ લઈ આવી બોલો. મને આશ્ચર્ય એ વાતનું છે કે, આટલા અપશબ્દો બોલવા છતાં કોંગ્રેસે ક્યારેય પશ્ચાતાપ પણ વ્યક્ત કર્યો નથી. કોંગ્રેસ પાર્ટી દેશના વડાપ્રધાનને નીચા દેખાડવા તેને પોતાનો અધિકાર સમજે છે. કોંગ્રેસનો ભરોસો લોકતંત્રમાં એક પરિવાર પર છે. પરિવારને ખુશ કરવા જે કંઈ કરવું પડે તે એક ફેશન થઈ ગઈ છે.

મોદીએ સભામાં જણાવ્યું છે કે જી- ૨૦ની અધ્યક્ષતા મળવા પર ગર્વ છે. એક જમાનામાં નાની - નાની વસ્તુ વિદેશથી મંગાવી પડતી હતી. કાલોલમાં અબ્દુલ કલામને હું લઈને આવ્યો હતો. જયોતિગ્રામ યોજનાની શરુઆત કાલોલથી કરી હતી. અમારી નિયતમાં ખોટ નથી એટલે નીતિઓ ખોટી નથી. ભારત આજે મોબાઈલ એક્સપોર્ટ કરતું થઈ ગયુ છે. કાલોલ - હાલોલનો આત્મનિર્ભર ભારતમાં મોટો ફાળો છે. જેમાં પંચમહાલમાં ૩૦ હજાર કરોડનું ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન થાય છે. આવનાર દિવસોમાં હાલોલ - કાલોલનો રોલ ખુબ મોટો હશે. દાહોદમાં ભારતના સૌથી શક્તિશાળી રેલવે એન્જીન બનશે તથા વડોદરામાં હવે હવાઈ જહાજ બનશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે તેલંગાણામાં કહ્યું હતું કે તેમને દરરોજ ૨-૩ કિલો અપશબ્દોને મળે છે, પરંતુ તેમનું શરીર આ અપશબ્દોને પોષણમાં ફેરવી દે છે. તેમણે ભાજપના કાર્યકર્તાઓને સંબોધતાં આ વાત કહી હતી. તેમણે કહ્યું હતું કે લોકો મને પૂછે છે કે મોદીજી તમે થાકી જતા નથી, તો હું તેમને કહું છું કે ભગવાને મારા શરીરમાં એક એવી મિકેનિઝમ બનાવી છે કે જે અપશબ્દોને પ્રોસેસ કરીને ન્યૂટ્રિશન બનાવી દે છે. ગુજરાત ચૂંટણી માટે ચાલી રહેલા પ્રચારમાં કોંગ્રેસ નેતા મલ્લિકાર્જુન ખડગેએ ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિવેદન આપ્યું હતું. ગત સોમવારે અમદાવાદમાં એક જાહેરસભા દરમિયાન ખડગેએ કહ્યું હતું કે શું મોદી પાસે રાવણની જેમ ૧૦૦ મોઢાં છે? મને સમજાતું નથી. તો રવિવારે સુરતમાં એક જાહેરસભા દરમિયાન ખડગેએ પોતાને અસ્પૃશ્ય અને વડાપ્રધાન મોદીને જુઠ્ઠાણાંના સરદાર જણાવ્યા હતા.

હાલોલ વિધાનસભા બેઠકના ભાજપ ઉમેદવાર જયદ્રથસિંહ પરમારે કરેલ વિકાસલક્ષી કામોને લઈ મતદારોનો સારો આવકાર મળી રહ્યો છે

ગોધરા, ૧૨૮– હાલોલ વિધાનસભા બેઠક ઉપર ભાજપના ઉમેદવાર જયદ્રથસિંહ પરમારને હાલોલ મત વિસ્તારના મતદારો તરફથી ભારે જનસમર્થન મળી રહ્યું છે. હાલોલ ધારાસભ્ય તરીકે ૨૦૦૨ થી ૨૦૧૭ સુધી પ્રતિનિધિત્વ કર્યું છે અને સરકારમાં મંત્રી પણ રહી ચુકયા છે. ત્યારે મતદારોમાં સારી એવી છાપ પણ ધરાવે છે.

હાલોલ બેઠક ભાજપના ઉમેદવાર જયદ્રથસિંહ પરમાર દ્વારા હાલોલ મત વિસ્તારના વિકાસના કામો અર્થાગ પરિશ્રમ પણ કર્યો છે. વડા તળાવની આસપાસ વિસ્તારમાં રવિ સીજન માટે સિંચાઈના પાણી મળી રહે તેમજ વન્ય જીવો અને ગ્રામ્ય પશુઓને પીવાના પાણીની સગવડ મળી રહે તદ્દઉપરાંત ભુગર્ભ જળ લેવલ ઉંચા લાવવાના ઉમદા હેતુ માટે વડા તળાવને નર્મદા મુખ્ય નહેર થી ઉદ્વવહન દ્વારા પાણી ભરવાનું કામ માટે સરકાર દ્વારા રૂપીયા ૧૭.૫૯ કરોડના ખર્ચે કામ પૂર્ણ કરવામાં આવેલ છે. જેનાથી વડા તળાવ આસપાસ ૨૭૫ થી વધુ હેકટર જમીનને પાણીનો લાભ મળશે. હાલ નર્મદાના નીર થી હાલમાં વડા તળાવ ભરાયેલ છે. ખેડુત ખાતેદારોને ખેતી વિષયક વિજળી દિવસે મળે માટે સરકારએ ૩૫૦૦ કરોડ રૂપીયા મંજુર કરેલ છે. હાલમાં પ્રગતિમાં અને તબકકાવાર અલગ ફીડરોને ખેતી વિજળી દિવસે આપવા માટે શરૂઆત કરાયેલ છે. જે કામ ડીસેમ્બર અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન હાલોલ મત વિસ્તારના ખેડુત ખાતેદારોને પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધી યોજના ૬૦૦૦ રૂપીયા મળવા તેના લાભ આપવામાં આવ્યો છે. આંમ, જયદ્રથસિંહ પરમાર દ્વારા મત વિસ્તારના મતદારો માટે સારી કામગીરી કરવામાં આવી હોય પરિણામે તેમની ચુંટણી સભાઓમાં મતદારોનો સારો પ્રતિભાવ મળી રહ્યો છે.

શહેરાના નાંદરવા ખાતે કોંગ્રેસના ઉમેદવારના પ્રચાર અર્થે ભરતસિંહ સોલંકીએ જનસભા સંબોધી

તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, વિધાનસભાની ચૂંટણીના ગણતરીના દિવસો બાકી છે. ત્યારે પંચમહાલના શહેરા તાલુકાના નાંદરવા ગામ ખાતે કોંગ્રેસના ઉમેદવારના પ્રચાર અર્થે કોંગ્રેસના સ્ટાર પ્રચારક ભરતસિંહ સોલંકી આવ્યા હતા. ઉપસ્થિત જનમેદનીને સંબોધતા ભરતસિંહ સોલંકીએ આમ આદમી પાર્ટીની ડિપોઝિટ ડૂલ થવા સાથે હાર થશે. જ્યારે ભાજપનું અંગ્રેજો જેવું શાસન હોવાથી આવા અંગ્રેજોને કાઢી મૂકીને કોંગ્રેસનું શાસન આવશે.

વિધાનસભાની ચૂંટણીના માહોલ વચ્ચે પંચમહાલના શહેરા તાલુકાના નાંદરવા ગામ ખાતે કોંગ્રેસ દ્વારા પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના દિગ્ગજ નેતા અને સ્ટાર પ્રચારક એવા ભરતસિંહ સોલંકીનું કોંગ્રેસના ઉમેદવાર ખાતુભાઈ પગી, દુષ્યંતસિંહ ચૌહાણ, જે.બી. સોલંકી, વનરાજસિંહ સોલંકી, અનુપસિંહ સોલંકી અને પ્રવીણ દરજી તેમજ તાલુકા કોંગ્રેસ પ્રમુખ આરતસિંહ પટેલ સહિતનાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના સ્ટાર પ્રચારક ભરતસિંહ સોલંકીએ ઉપસ્થિત જનમેદનીને સંબોધતા પહેલા તો પ્રજાજનોનો આભાર માન્યો હતો. આમ આદમી પાર્ટીની કારમી હાર અહીં થવાની છે અને તેમની ડિપોઝિટ પણ દૂર થશે. જ્યારે ભાજપ આદિવાસી, દલિત કે પછી બક્ષીપંચ માંથી કેમ મુખ્યમંત્રીની જાહેરાત કરતા નથી. ત્રણ દિવસ શાંતિ રાખો અને કોંગ્રેસને મત આપો ૮ તારીખ પછી ખબર પડશે કે કોને જેલમાં જવું પડ્યું તે ખબર પડી જશે. જ્યારે કોંગ્રેસવાળા ઓબીસીને મુખ્યમંત્રી બનાવ્યા હતા. પહેલા અંગ્રેજો હુકુમત ચલાવતા હતા તે અગ્રેજો ગયા અને આ નવા અંગ્રેજો આવ્યા છે. આ ગુજરાતની જનતા હાકી કાઢશે. હવે કોંગ્રેસની સરકાર બનવાની છે. આ વખતે ભાજપને ઉખાડીને ફેંકી દેશું અને ૧૨૫ સીટ કોંગ્રેસની આવનાર છે. એમ કહેવા સાથે ભાજપ અને આમ આદમી પાર્ટી પર આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસના પ્રચાર અર્થેની રાખવામાં આવેલ સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેતા આ વખતની વિધાનસભાની ચૂંટણી તીવ્ર રસાકસી ભરી બની રહેશે. તેવી શક્યતાઓ જોવા મળી રહી છે.

વેજલપુર ગામે ચૂંટણી બહિષ્કાર ના બેનરો લાગયા અને ગંદકી ના સમાચાર પ્રસિદ્ધ થતાં તંત્ર દોડતું થયું

તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર, કાલોલ તાલુકાના વેજલપુર ગામે આવેલ રોહિતવાસ અને ભોંઈવાડના જવાના રસ્તા ઉપર રૂપારેલ નદીના પટમાં ભયંકર ગંદકી અને રૂપારેલ નદી ઉપર દેશ આઝાદ થયા પછી એક પણ ઉંચો બ્રિજ બન્યો ન હોવાથી સ્થાનિક રહીશો દ્વારા ચૂંટણી બહિષ્કારના બેનરો લગાવ્યા હતા. જેના દૈનિક સમાચાર પંચમહાલ સમાચારમાં પ્રસિદ્ધ થતા તંત્ર દોડતું થયું અને આજે રોહિતવાસ તરફ જવાનો રસ્તો અને ઉર્દુ સ્કૂલ પાછળની ભયંકર ગંદકી જી.સી.બી. અને ટ્રેક્ટરો દ્વારા ઢગલા હટાવી સફાઈની કામ શરૂ કરાઈ હતી. ત્યારે સ્થાનિક લોકોમાં અનેક ચર્ચાનો વિષય બન્યો છે કે, ચૂંટણીના ગણતરીના દિવસો બાકી છે. ત્યારે સ્થાનિક વોટરોને આકર્ષિત કરવા માટે માત્ર દેખાવ પૂરતી કામગીરી કરશે કે પછી વેજલપુર ગામની રૂપારેલ નદીની સંપૂર્ણ સાફ સફાઈ કરાવીને વેજલપુર ગામની રૂપારેલ નદીને સ્વચ્છ અને સુંદર બનાવી ફરીથી રૂપારેલ નદીને રૂપ આપશે ખરાં...? તેવા અનેક પ્રકારના સવાલો લોકોમાં ચર્ચાઈ રહયા છે. ત્યારે વોર્ડ નં. ૧૦ રોહિતવાસના સભ્ય નટુભાઈના જણાવ્યા પ્રમાણે ગ્રામ પંચાયત સભ્ય તરીકે ગ્રામ પંચાયતમાં અનેક વખત ગંદકીની સાફ સફાઈ માટે લેખિત તથા મૌખિક રજૂઆત કરવા છતાં અમારી રજૂઆત સાંભળવામાં આવતી નથી અને રોહિતવાસ, વાલીમીક સમાજમાં કોઈપણ પ્રકારનો વિકાસ થયો નથી અને અમોને કોઈપણ લાભ મળ્યો નથી. વધુમાં તેમને જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના ઉમેદવારએ સ્થળની મુલાકાત લઈ આશ્વાસન આપ્યું હતું. જેના કારણે તંત્ર જાગ્યું છે, તેવું જણાવ્યું હતું. જેથી વેજલપુર ગામનો વિકાસ માત્ર કાગળો ઉપર થતો હોય તેવું લાગી રહયું છે. ત્યારે હવે જોવાનું રહયું કે, વેજલપુર ગામની મુલાકાત કોણ અને કયા અધિકારીઓ લેશે અને પોતાનું જમીર જગાવી અને ઈમાનદારી બતાવી સાચી દિશામાં વિકાસ કરી જવાબદાર સામે પગલાં ભરશે તેવા ટમટમતા સવાલો ઉઠવા પામ્યા છે.

૧૨૫ મોરવા(હ) વિધાનસભા કોંગ્રેસના ઉમેદવાર ખાંટ સ્નેહલતાબેનના ચુંટણી પ્રચારમાં મતદારો તરફથી મળતા આવકાર થી જીતનો વિશ્વાસ મજબુત

ગોધરા, ૧૨૫– મોરવા(હ) વિધાનસભા મત વિસ્તારમાં કોંગ્રેસ પાર્ટી દ્વારા શિક્ષિત મહિલા ઉમેદવાર તરીકે ખાંટ સ્નેહલતાબેન ગોવિંદકુમારને મેદાનમાં ઉતાર્યા છે. મોરવા(હ) વિધાનસભા મત વિસ્તારમાં તેમની ચુંટણી સભાઓમાં મતદારો તરફથી સારો આવકાર મળી રહ્યો છે.

મોરવા(હ) મત વિસ્તારમાં કોંગ્રેસના ઉમેદવાર ખાંટ સ્નેહલતાબેનની ચુંટણી સભામાં કોંગ્રેસ પાર્ટી દ્વારા જાહેર કરેલ ૮ વચનોમાં પ્રત્યેક ગુજરાતીને ૧૦ લાખ સુધીની મફત સારવાર કરાવવાની જવાબદારી અમારી સરકાર જીતશે તે સરકારની રહેશે. ગુજરાત રાજયમાં કોરોનાકાળમાં ૩ લાખ પરિવારોએ પોતાના સ્વજનોને ગુમાવ્યા તેઓને ૪ લાખ રૂપીયા સુધીનું દેવું માફ, વિજળીના બિલ તરફ કરવામાં આવશે ૩૦૦ યુનિટ સુધી વિજળી મફત આપવાના કોંગ્રેસ પાર્ટી દ્વારા વચનો આપવામાં આવ્યો છે. તે કોંગ્રેસની સરકાર બનતા પુરા કરવામાં આવશે. તેવું મતદારો સમક્ષ વાયદા કરીને ચુંટણી પ્રચાર કરી રહ્યા છે. ત્યારે મુસાફરો દ્વારા પણ સ્નેહલતાબેન ખાંટને આવકાર આપીને વિજય થવાના આર્શીવાદ આપી રહ્યા છે. આંમ, મોરવ(હ) બેઠક ઉપર કોંગ્રેસ પાર્ટી છેલ્લાદોરનો ઝંજાવટી પ્રચાર કરવામાં આવી રહ્યો છે.

ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ અંતર્ગત ચૂંટણી પંચ દ્વારા નિમાયેલા વિશેષ મતદારો (દિવ્યાંગ અને ૮૦થી વધુ ઉંમરવાળા) માટે મતદાન મથકે, સગવડતાના સ્પેશિયલ એકસેસીબિલિટી ઓબ્ઝર્વર રેમ્યા મોહન દ્વારા

પંચમહાલ જિલ્લાના વિવિધ વિધાનસભા મતવિસ્તારના બુથોની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં મતદાન મથકોનાં સ્થળ ઉપર દિવ્યાંગ મતદારો માટે રેમ્પની વ્યવસ્થા, અલગ હરોળ તેમજ સિનિયર સિટીઝન માટે અલગ હરોળની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે કે, કેમ? તે બાબતની ચકાસણી કરી હતી. પંચમહાલ જિલ્લામાં કુલ ૮૦૧૧ દિવ્યાંગ મતદારો તથા ૨૨,૦૬૩ સિનિયર સિટીઝન મતદારો તરીકે નોંધાયેલ છે. જિલ્લાના તમામ વિધાનસભા મત વિસ્તારના બુથ ઉપર ૧૦૦% રેમ્પની વ્યવસ્થા ઊભી કરવામાં આવેલી છે.

ગોધરા તાલુકાના ગઢ ચુંદડી ગામે હાઈવે ઉપર બાઈકને અન્ય બાઈક ચાલક પાછળ થી ટકકર મારતાં એક મહિલાનું મોત નિપજાવા પામ્યું : બે વ્યકિતઓને ઈજાઓ

ગોધરા, ગોધરા તાલુકાના ગઢ ચુંદડી ગામના હાઈવે રોડ ઉપર બે મોટર સાયકલો વચ્ચે થયેલ અકસ્માતમાં બાઈક પાછળ બેઠેલ એક મહિલાને ગંભીર ઈજાઓ થતાં મોત જયારે એક મહિલાનને ઈજાઓ થતાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ગઢ ચુંદડી ગામે હાઈવે રોડ ઉપર થી રાજુભાઈ મોહનભાઈ નાયક પોતાની બાઈક નંબર જીજે.૧૭.એસ.૯૪૪૭ ઉપર તેમના પત્ની કેશરબેન તથા વસંતાબેનને બેસાડીને દે.બારીયાના ગુણા ગામે જતા હતા. દરમિયાન બાઈક નં.જીજે.૧૭. બીએસ. ૫૩૭૫ના ચાલકે પોતાની બાઈક પુરઝડપે હંકારી લાવી આગળ ચાલતી રાજુભાઈ નાયકની બાઈકને પાછળથી ટકકર મારતાં બાઈક પાછળ બેઠેલ કેશરબેન ઉ.વ.૩૭ ઉછળીને નીચે પડતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું હતું. જ્યારે રાજુભાઈ નાયક અને વસંતાબેનને શરીરે ઓછી વધતી ઈજાઓ થતાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

ઘોઘંબા ખાતે ખાનગી બસની ટકકરે બાઈક ચાલકનું કરૂણ મોત

ઘોઘંબા, ઘોઘંબામાં ખાનગી બસ અને બાઈકના અકસ્માતમાં બાઈક સવારનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યું હતું. પોલીસે અકસ્માત સ્થળે પહોંચી ખાનગી બસ ચાલકને પોલીસ મથકે લઈ જઈ મૃતદેહને પીએમ માટે ઘોઘંબા રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવાની કામગીરી કરી હતી.

બાઈક ચાલકનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત કાલોલ બેઠક ઉપર પીએમ મોદીની જાહેરસભાને લઈ ગોધરા થી વડોદરા તરફનો ટ્રાફિક ઘોઘંબા તરફના માર્ગે ડાયવર્ટ કરવામાં આવ્યો હતો. જેનાં કારણે માર્ગ ઉપર વાહન વ્યવહાર વધી જવા પામ્યો હતો. જેમાં ઘોઘંબા થી રવેરી તરફ જઈ રહેલા ઘોઘંબા ગામના ઓડ ફળિયામાં રહેતા અને ચાર દીકરીના પિતા પરેશભાઈ પ્રભાતભાઈ ઓડ કે જેઓ ઈંટો બનાવવના ભઠ્ઠામાં મજૂરી કામ કરતા હતા. તે આજે બપોરે પોતાની મોટર સાયકલ લઈ જઈ રહ્યા હતા. ત્યારે તેઓની બાઈકનું ખાનગી બસ સાથે અકસ્માત સર્જાતા કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. પોલીસે અકસ્માત સ્થળે પહોંચી ખાનગી બસ ચાલકને પોલીસ મથકે લઈ જઈ મૃતદેહને પીએમ માટે ઘોઘંબા રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવાની કામગીરી કરી હતી.

શહેરાના વલ્લભપુર ગામે એસ.ટી.બસમાં આગ લાગતાં બળીને ખાખ થઈ

શહેરા, શહેરા તાલુકાના વલ્લભપુર ગામ ખાતે ગોધરા વલ્લભપુર લોકલ એસટી બસમાં કોઈ કારણસર આગ લાગી હતી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા બસ સંપૂર્ણ બળીને ખાત થઈ ગઈ હતી. જોકે, બસમાં એક જ મુસાફર મુસાફરી કરતો હોવા સાથે કંડકટર અને ડ્રાઈવરનો આબાદ બચાવ થવા સાથે કોઈ જાન હાની થઈ ના હતી. બનેલા બનાવને લઈને બસના ચાલકને પૂછતા તેને શોર્ટ સર્કિટના કારણે બસમાં આગ લાગી હોવાનું પ્રાથમિક તારણ જણાવ્યું હતું.